સુવિચાર
માણસ પોતાની ભૂલો માટે બહુ સરસ વકીલ બને છે, જયારે બીજાની ભૂલો વખતે તો સીધો જજ બની જાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૭/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
ગૌરીવ્રત-જયાપાર્વતીના ઉપવાસ માટે
કેસર શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૬,અમરેલી,મો.8999990099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૧૭૮

## સબ ભૂમિ ગોપાલ કી સમજી જયાં ત્યાં દબાણ કરનારાઓમાં ફફડાટ

# અમરેલીમાં ૩ સ્થળોએથી દબાણ દૂર કરી દેવાયું

**મહેસુલ, પોલીસ, પાલિકા અને પીજીવીસીએલની ટીમે જેસીબીથી દબાણ દૂર કરાવ્યું**

**કુંકાવાવ માર્ગ અને રોકડીયાપરા ખાતે દબાણ દૂર કરાતાં શહેરીજનો ટોળે વળ્યા**

**જો કે શહેરમાં હજારો મીટર સરકારી જમીનમાં દબાણ હોય તમામ દબાણો દૂર કરવાની જરૂર**

**દાદાનું જેસીબી સમગ્ર જિલ્લામાં ફરી વળે તો જનતા જનાર્દનને થાય રાહત**



અમરેલી, તા. ૮

અમરેલીશહરેસહિતસમગ્ર જિલ્લામાં ગૌચર, સરકારી પડતર કે જાહેરમાર્ગોઅનેસાર્વજનિકપ્લોટઉપર વ્યાપક પ્રમાણમાં દબાણ થયું છે અને સરકાર હસ્તકની લાખો મીટર જમીન ઉપર થયેલ દબાણ દૂર કરવાની અત્યંત આવશ્યકતા વચ્ચે આજે અમરેલી શહેરમાં ૩ સ્થળોએ દબાણ હટાવની કામગીરીશરૂથતાંજિલ્લાનીજનતાએવું ઈચ્છે કે જિલ્લાભરમાં દાદાનું જેસીબી સતતદબાણહટાવવાનીકામગીરીકરે.

અમરેલી શહેરમાં જાહેર માર્ગોઉપરગેરકાયદેદબાણથતુંહોવાના કારણેજાહેરમાર્ગોનાનાથઈજતાંઅને ટ્રાફિકવધતોજતોહોવાનાકારણેવાહન ચાલકો ભારે પરેશાન થતાં હોય. ત્યારે અમરેલી શહેરમાં આવા જાહેર માર્ગો ઉપર દબાણહટાવવા માટે થઈ સરકાર દ્વારા આદેશ થતાં અમરેલી શહેરના કુંકાવાવજકાતનાકાનજીકપરકોર્નરની જગ્યા તથા રોકડીયાપરામાં બે સ્થળો મળીત્રણસ્થળોએ ગેરકાયદેસર

અનુસંધાન પાના ૬ ઉપર

### દારૂનું વ્યસન કંઈક પરિવારને કરે છે બરબાદ

## પત્ની અને બાળકોએ દારૂ પીવાની ના પાડતાં આધેડે ગળાફાંસો ખાઈ લીધો

**લાઠીનાં ઠાસા ગામે બનાવ બન્યો**

અમરેલી, તા. ૮

મધ્યપ્રદેશના વતની અને હાલ લાઠી તાલુકાના ઠાસા ગામે રહેતા પ્રવિણભાઈ ધનજીભાઈ ઈસામલીયાની વાડીએ રહેતા રાકેશભાઈ નાગુભાઈ ગણાવા નામના ૪૩ વર્ષિય આધેડ ખેત મજુરને દારૂ પીવાની આદત હોય. જેથી પત્નિ તથા બાળકોએ દારૂ નહિ પીવા સમજાવતા આધેડને સારૂ નહિ લાગતા મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે તા. ૭ના રોજ બપોરના આશરે ૧૨ વાગે ભાગવી રાખેલી વાડીએ લીમડાના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ઘરવખરીનો સામાન લેવા જતાં ડખ્ખો

## ધારીનાં ખીચા ગામે યુવતીને ગાળો આપી સાવરણી વડે માર માર્યો

અમરેલી, તા. ૮

ધારી તાલુકાના ખીચા ગામે રહેતી હિરલબેન મથુરભાઈ દેવશીભાઈ કયાડા નામની ૨૮ વર્ષિય યુવતી તથા અન્ય લોકો ગત તા. ૭ના રોજ સવારના સાડાસાતેક વાગ્યે તેમના વડીલોપાર્જીત મકાને તેમનો ઘરવખરીનો સમાન લેવા માટે ગયેલ હોય. તે દરમ્યાન તે જ ગામે રહેતા ધર્મેશભાઈ દેવશીભાઈ કયાડા તથા હેતલબેન ધર્મેશભાઈ કયાડા બંન્ને આરોપીઓ આવી યુવતીના ઘરવખરીના સામાનને રૂમમાંથી બહાર ઓસરીમાં ફેંકવા લાગેલ. જેથી યુવતીએ સામાન નહી ફેંકવાનું કહેતા બંન્ને આરોપીઓ યુવતીને ખરાબ ગાળો આપવા લાગેલ અને એકદમ ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુ તથા સાવરણી વડે જમણા હાથ ઉપર તથા ચંપલ વડે પીઠ પાછળ મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

### અમરેલી પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સરકારી વકીલની દલીલોનાં આધારે

## લાઠીનાં એક ગ્રામ્ય વિસ્તારની તરૂણીનુ અપહરણ કરનાર દામનગરનાં આરોપીને ૭ વર્ષની સખત કેદ

**૧૩ ઓકટોબર ૨૦૨૩નાં રોજ નોંધાયેલ ફરિયાદનો ચુકાદો જાહેર થયો**

અમરેલી, તા. ૮

દામનગર ગામે રહેતા આરોપી પોતાની પૌત્રીની ઉંમર ધરાવતી લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૩ વર્ષ ૧૦ માસ ૧૮ દિવસ વાળી અભ્યાસ કરતી તરૂણીને લલચાવી ફોસલાવી લગ્ન તથા બદનામ કરવાના ઈરાદે તેણીને કાયદેસરનાં વાલીપણાંમાંથી ભગાડી અને અપહરણ કરી લઈ ગયાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

દામનગર ગામે રહેતા આરોપી રમેશભાઈ કેશવભાઈ પડાયા ઉર્ફે આર.કે.એ. લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી પોતાની પૌત્રી ઉંમરની એક ૧૩ વર્ષ માસ ૧૦ માસ ૧૮ દિવસ વાળી અભ્યાસ કરતી તરૂણીને લલચાવી ફોસલાવી લગ્ન તથા બદનામ કરવાના ઈરાદે તેણીને કાયદેસરનાં વાલીપણાંમાંથી ગત તા.૧૩/૧૦/૨૩ના સવારે ૧૦/૧૫ વાગ્યે ભગાડી અને અપહરણ કરી લઈ ગયાની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

બાદમાં ભોગ બનનાર તરૂણીનું નિવેદન લેતા જેમા આ આરોપીએ ભોગ બનનાર સાથે અવાર-નવાર શરીર સંબંધ બાંધેલ હોવાનું જણાવેલ હોય જેથી આ

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
87,300/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હાર્દિક અભિનંદન
શ્રી જીગીષુકુમાર ધ્રુવભાઈ મહેતા
ચેરમેન : ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC)
અમરેલી બ્રહ્મસમાજના યુવા એડવોકેટ શ્રી જીગીષુકુમાર મહેતા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટિમાં ચેરમેનપદે વરણી થતા અમો હર્ષ સહ ગૌરવની લાગણીસભર હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ
શુભેચ્છક :
ઉદયન ત્રિવેદી
( એડવોકેટ : ગુજરાત હાઈકોર્ટ )
પૂર્વ પ્રમુખ : અમરેલી જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજ
ચેરમેન : નોટરી એસોસિએશન (સૌરાષ્ટ્ર ઝોન)
ઉપપ્રમુખ : નોટરી એસોસિએશન - ગુજરાત રાજય
હરનીલ ત્રિવેદી
( એડવોકેટ : ગુજરાત હાઈકોર્ટ )
ચેરમેન : લીગલ સેલ હ્યુમન રાઈટ્સ & ડીગ્નીટી ફોર જસ્ટીસ
ઉપપ્રમુખ : અમરેલી જીલ્લા યુવા બ્રહ્મસમાજ
શ્રી મૌલિક ઉપાધ્યાય
( ઉપપ્રમુખ : અમરેલી શહેર - ભાજપ )

## બાંધકામ એજન્સી ખાનગી કામો શ્રેષ્ઠ કરે અને સરકારી કામો કેમ નબળા કરે ?

# નબળી ગુણવત્તાનાં બાંધકામો માટે બાંધકામ શાખા પણ જવાબદાર

### ભ્રષ્ટ અધિકારીઓ અને બેઈમાન જનપ્રતિનિધિઓની મીઠી નજર હોવાથી જ સરકારી બાંધકામો નબળા બને છે

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તાજેતરમાં પડેલ વરસાદે માર્ગ–મકાન વિભાગ ધ્વારા લાખો કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ માર્ગો તુટી ગયા હોય સમગ્ર રાજયમાં દેકારો મચી ગયો છે અને માર્ગો તુટવા પાછળ એકમાત્ર ભ્રષ્ટાચાર જ કારણભુત છે તે સત્ય હકીકત છે.

જયારે નબળા બાંધકામની કોઈ ફરિયાદ ઉભી થાય એટલે

### રાજયમાં દર વર્ષે હજારો કરોડો રૂપિયાનાં ખર્ચે સરકારી બાંધકામો થઈ રહ્યા છે

બાંધકામ કરનાર એજન્સી પર દોષનો ટોપલો ઢોળી દેવામાં આવે અને માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ દૂધે ધોયેલા હોય તેવો આભાસ ઉભો કરવામાં આવે છે.

હવે, પ્રશ્ન એ ઉભો થાય છે કે, જો કોઈ બાંધકામ એજન્સી ખાનગી કંપની કે વ્યકિતને લઈને માર્ગ કે મકાનનું નિર્માણ કરે તો તે મજબુત હોય છે. માત્ર સરકારી કામોમાં જ કેમ લોટ, પાણી ને લાકડા કરે છે. તો તેનો

### માર્ગ–મકાન વિભાગ જેવી મલાઈદાર જગ્યામાં જઈને ભ્રષ્ટાચાર કરવા માટે ઈજનેરોમાં પડાપડી પણ થતી હોય છે

એકમાત્ર જવાબ છે ભ્રષ્ટાચાર.

જયારે પણ કોઈ ગામ, શહેર કે મહાનગરમાં કે જાહેર માર્ગ પર નવો માર્ગ બનાવાતો હોય તો તેમાં તે વિસ્તારનાં જનપ્રતિનિધિ કે જે–તે લાગતા–વળગતા સરકારી વિભાગનાં અમુક ભ્રષ્ટ અધિકારીઓને અમુક ટકાવારી અપાતી હોય છે અને કમિશનની રકમ જે–તે એજન્સી નબળા બાંધકામ કરીને વસુલતી હોય

### વિદેશથી કાળુધન તો ન આવ્યું પરંતુ દેશમાં લાખો કરોડોનું ધન ભ્રષ્ટાચારીઓએ સંગ્રહ કર્યુ છે તેનું તો કંઈક કરો

છે એટલે નબળા બાંધકામ માટે માત્ર બાંધકામ કરતી એજન્સી નહી બલ્કે ભ્રષ્ટ અધિકારી અને બેઈમાન જનપ્રતિનિધિ પણ જવાબદાર હોય છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

જો કે આ બાબતને લઈને જિલ્લા ભાજપનાં અગ્રણી ડો. કાનાબારે પણ થોડા દિવસો પહેલા ટિવટ કરીને સરકાર સુધી વાસ્તવિકતા પહોંચાડવાનો ઉમદા પ્રયાસ કર્યો છે.

---

### ચુંટણી સહિતની વધારાની કામગીરી સોંપાતા

## લીલીયા મોટાનાં આંગણવાડી વર્કરો અને હેલ્પર બહેનો આજે કામથી અળગા

### હજારો બાળકોને મુશ્કેલી ઉભી થશે



લીલીયા તા. ૮

લીલીયા મોટા ઘટક લીલીયાના આંગણવાડી વર્કર બહેનો જેમાં ૮૦ આંગણવાડી કેન્દ્ર અને ૧૪૫ વર્કર, હેલ્પર બહેનો તા. ૯/૭/૨૦૨૫ના રોજ એક દિવસ પોતાની વિવિધ માંગણીઓને લઈને રહેશે કામથી અળગા જેમાં સરકાર દ્વારા ૨૦૧૮ પછી વર્કર બહેનોને વેતન વધારો કરવામાં આવેલ નથી રાજય સરકાર દ્વારા પરિપત્ર હોવા છતાં વધારાની કામગીરીઓ બહેનોને અપાતી હોવા થી બાળકોને શિક્ષણથી વંચિત કરવામાં આવી રહ્યા છે તેમાં પોષણ ટેકર લાભાર્થીઓનાં કે.વાય.સી કરેલ છે ઉપરાંત પોષણક્ષમ આહાર આપવા માટે દર મહિને લાભાર્થી ઓનું ફોટો કેપ્ચર કરવો આવી એફ.આર.એસ ની કામગીરી કરાવી લાભાર્થીના પોષણ અધિકારો છીનવી રહ્યા છે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન રાષ્ટ્રીય ટ્રેડ યુનિયન સી.ટુ સાથે જોડાયેલ છે અને આવી અવાર નવાર સરકાર સામે માંગણી રજૂ કરવામાં આવેલ હોય ઉપરાંત આંગણવાડી વર્કર બહેનોને ચૂંટણી કામગીરી જેવી કે બી.એલ.ઓની કામગીરી સોંપવામાં આવેલી છે જેનો બહેનોએ વિરોધ કરેલ છે જેને લઈને લીલીયા તાલુકા આંગણવાડી વર્કર, હેલ્પર બહેનો દ્વારા તા. ૯/૭/૨૦૨૫ના રોજ માસ સી.એલ રજા પર રહી પોતાનો વિરોધ કરશે ત્યારે લીલીયા સી.ડી.પી.ઓ કચેરી ખાતે નયનાબેન ગરાણીયા અધ્યક્ષ સ્થાને રજા રિપોર્ટ મૂકી કામથી અળગા રહેવા માટે આવેદન પત્ર આપવામાં આવેલ છે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## જયા પાર્વતી વ્રતનો શુભારંભ



સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા શહેરમાં પણ આજરોજ જયા પાર્વતી વ્રતનો શુભારંભ થયો. જો કે નાની બાલિકાઓના મોળાકતના વ્રતની અને જયા પાર્વતી વ્રતનો મહિમા ભારતીય સંસ્કૃતિ માટે ખરેખર અનુપમ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં તો એની એક અનોખી ઓળખ જોવા મળે છે. ગામથી દૂર માટી લેવા જતી એ ભલી ભોળી બાલિકાઓ શ્રીફળ વધેરી માતાજીને પ્રસન્ન કરવાનો ખરા હદયથી પ્રયાસ કરે છે. કંથ વર દેજો કહ્યાગરો તેવા ગીતો પણ ગાય છે. ભગવાન ભોળાનાથ અને માતા પાર્વતીના પૂજનનું જયા પાર્વતી વ્રત તપ જપ અંગે કુમારિકાઓ શ્રધ્ધાળુઓમાં ભારે ઉમંગ અને ઉત્સાહ પ્રવર્તી રહ્યો હોય છે. ભગવાન ભોળાનાથની ભકિત સાથે માતા પાર્વતીના પૂજન સાથે જોડાયેલ જયા પાર્વતીના આ વ્રતમાં કુમારિકાઓ, બહેનો અખંડ સૌભાગ્ય અને સંતાન સુખ સહિતની વિવિધ કથાઓ અને પ્રાર્થનાઓ પણ કરે છે. આ વ્રત દરમિયાન બહેનો મોળું ખાય છે. અને ઓછામાં ઓછું પાંચ વર્ષ અને વધુમાં વધુ પંદર વીશ વર્ષ સુધી આ વ્રત કરતા હોય છે. બજારમાંથી આ વ્રત માટે પૂજાપાના પડા ખરીદી શકય હોય તો પોતાના ઘરે જુવાર, ઘઉં, મગ, મકાઈ, ચણા સહિતના જુવારા વાવીને તેનો ઉછેર પણ ખૂબ જ શ્રધ્ધા આસ્થા અને ભકિતભાવ સાથે કરે છે. જયારે પૂજાપાના પડામાં અગરબત્તી, કપૂર, સોપારી, અબીલ ગુલાલ કમળકાકડી સહિતની પૂજા સામગ્રી હોય છે જે જયા પાર્વતી વ્રતમાં ઉપયોગમાં લેવાય છે. આ પર્વ માટે જાગરણનું પણ એક અનોખું મહત્ત્વ હોય છે. આખી રાત જાગરણ કરીને બહેનો શ્રધ્ધા ભાવ સાથે વ્રતનો મહિમા પણ ગાય છે.

---

### શહેરીજનો મનભરીને મત આપે અને બદલામાં મળે મુસીબત

## જાફરાબાદનાં સામાકાંઠા વિસ્તારમાં પાલિકા દ્વારા સફાઈ અભિયાનનાં અભાવે ગંદકીનો માહોલ

### એકપણ પદાધિકારી કે અધિકારીને શહેરીજનોની વ્યથા દેખાતી નથી



જાફરાબાદ, તા. ૮

જાફરાબાદના સામાકાંઠા તલાવડી વિસ્તારના રોડ ઉપર ઘણા સમયથી તળાવની જેમ પાણી ભરેલા હોવાથી નાગરિકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. મુખ્ય રોડ હોવાથી અહીં હજારોની સંખ્યા લોકોની અવર–જવર હોય તેમજ અહીં આજુબાજુમાં રહેણાંક મકાનોમાં લગ્ન હોય પરંતુ રોડ વચ્ચે ઘણા સમયથી પાણી ભરેલું હોવાથી મહિલાઓ વિદ્યાર્થીઓ નાના ભૂલકાઓ આ ગંધાતા અને દુર્ગંધ મારતાં પાણીમાંથી ચાલવા મજબુર બન્યા છે. પરંતુ પાલિકાના જવાબદાર લોકોના ધ્યાન ઉપર આવતું નથી અહીં નર્કાગાર જેવી સ્થિતિ સર્જાઈ રહી હોવા છતાં પાલિકાના બેજવાબદાર લોકોના લીધે અહીંના નાગરિકો હેરાન પરેશાન છે. પાલિકા સ્વચ્છતા હી સેવા અભિયાન ચલાવી ફોટા સેશન કરી ઉચ્ચ અધિકારીઓને ઉંધુ દેખાડી રહ્યા છે. પરંતુ અહીં જ બાજુમાં ખડકાયેલા ઉકરડો તથા તમામ ગંદકી ના કારણે માખીઓ તથા મચ્છરનો ઉપદ્રવ વધી ગયો હોય અને મેલેરીયા, ચિકનગુનિયા, ડેંગ્યૂ જેવી બીમારી ના ફેલાય તે પહેલાં કુંભકર્ણની નિદ્રામાં સુતેલી પાલિકાના ધ્યાન ઉપર કયારે આવશે..?? આ ખદબદતા ઉકરડા તથા મેન રોડ ઉપર ભરાયેલા તળાવ અને અહીં ખદબદતી ગંદકી દૂર કરવામાં આવશે..? કે પછી કોઈ મોટી બીમારી ઉત્પન્ન થાય તેની રાહ જોઈ રહી છે પાલિકા? સામાકાંઠાના નાગરિકો દરેક સ્તરે ટેકસ ભરવા છતાં પાલિકા દ્વારા ઓરમાયું વર્તન અપનાવવામાં આવી રહ્યું હોય તેવું લોકો દ્વારા ચર્ચાઓ થઈ રહી છે. હાલમાં ગંદકી અને ગંદવાડો ખદબદી રહ્યો હોય પરંતુ પાલિકા ધ્યાન ઉપર લઈ સામાકાંઠાની ખદબદતી ગંદકી વહેલી તકે ઉપાડવામાં આવે અને ખરા અર્થમાં સ્વચ્છતા અભિયાન ચાલુ કરવામાં આવે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે. નગરપાલિકા અનેક જાતના વેરાથી વધારે ટેકસ ઉઘરાવવામાં માહિર છે. શહેરીજનો ભયભીત છે. નાગરિકો ટેક્સ ભરવામાં મોડું કરે તો પાલિકા તંત્ર ઢોલ વગાડી .નોટિસો આપશે કોર્ટમાં ઢસેડ છે. દંડાત્મક કેસો કરશે પરંતુ જનતાની સુખાકારી માટે મળતી પ્રાથમિક સુવિધા દેવામાં કેમ પાલિક આંખ આડા કાન કરવામાં આવે છે. ગટરના ગંધાતા પાણી રોડ ઉપર વહેતાં હોવાથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પરંતુ જવાબદાર અધિકારીના ધ્યાન ઉપર કેમ નથી આવતું અહીં આરસીસી રોડ બનાવવા આવ્યો પરંતુ પાલિકાના એન્જીનીયરની કમાલ કહીં શકાય કે લોકો ઘરમાં પ્રવેશ કરે ત્યારે પગ ધોવા ન પડે તેવી બનેલા આરસીસી રોડ ઉપર નાગરિકો માટે સુવિધા ઓ ઉપલબ્ધ પાલિકા એન્જીનીયર દ્વારા કરવામાં આવી છે. તેવું અહીં ના રહીશો જણાવી રહ્યા છે. રોડ બન્યો પરંતુ પાણીના નિકાલ માટેની કોઈ પણ જાતની કામગીરી કરવામાં આવી ન હોવાથી અહીં રોડ ઉપર ડ્રેનેજ પાણી તથા વરસાદી જ પાણી ભરાયેલા રહેતા હોય છે. વર્ષોથી બારેમાસ હાડમારી ભોગવતું અને સાવકા પુત્રની જેમ જોવાતો આ વિસ્તાર હરહંમેશા ઉપેક્ષિત રહ્યો છે. વર્ષોથી ખરાબ રસ્તાઓ સાથે અંધકાર ભાસતો રસ્તો અને દર ચોમાસે વરસાદી પાણી અને ડ્રેનેજ પાણી ભરાઈ જવાને લઈ અહીંના રહેવાસીઓ જે હાડમારી ભોગવે છે ને સાહેબ એ અહીંના રહેવાસીઓ જ નહીં પરંતુ હજારોની સંખ્યામાં આ રોડ ઉપરથી પગપાળા ચાલીને પસાર થતા રાહદારીઓ આ ભરાયેલા પાણીમાંથી પસાર થઈ રહ્યા છે.

### જનતા જનાર્દનનાં પૈસાનો વ્યય

## લ્યો બોલો : દામનગરમાં નવો માર્ગ બન્યોને પૂનઃ થીંગડા મારવા પડયા

### જયાં સુધી કડક કાર્યવાહી નહી થાય ત્યાં સુધી દે ધનાધન થશે



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૮

દામનગર શહેરમાં ચાલતા વિવિધ વિકાસ કામો ઉપર કોનું મોનિટરીગ હશે ? રામ જાણે પણ દરેક કામો બનતાની સાથે જ રિપેરીંગ કરવા પડી રહ્યા છે અને ઢાંકવા પડી રહ્યા છે. ત્યારે અનેક સવાલ સર્જાય છે. જનતાનાં કરના નાણાંમાંથી ચાલતા વિકાસ કામોમાં વપરાતા માલસમાનની ગુણવતા કામના માપ સાઈઝ તો ઠીક પણ વરસતા વરસાદમાં આરસીસી રોડ ડામર રોડના કામો ગુજરાત સરકારના જાહેર બાંધકામની કંઈ નીતિમાં સમાવિષ્ટ છે. શહેરમાંથી પસાર થતા ગારીયાધાર રોડને વરસાદમાં કેમ બનાવ્યો હશે. બનાવવા માટે સમય મર્યાદા જ નક્કી થયેલ હોય તો વરસતા વરસાદમાં બનાવાય ખરો ? ગારીયાધાર સ્ટેટના રોડના વરસાદ બાદ પ્લાસ્ટિકના કાગળથી ઢાંકવાની એજન્સીને ફરજ પડી પણ આ રસ્તાની ગુણવતા થશે ખરી આ રસ્તાની ગુણવતા ઈન્સ્યુટયુંટ ઓફ કવોલિટી કન્ટ્રોલરમાં ખરી ઉતરે તેમ હોય તો ઢાંકવાની શુ જરૂર ગુજરાત સરકારના જાહેર બાંધકામના નિયમ નીતિઓ કયારે ફેરવી દેવાય હશે. દામનગરમાં ચાલતા દરેક કામો ઢાંકવા પડી રહ્યા છે પછી તે વૈજનાથ મંદિર હોય કે ગારીયાધાર રોડ જો ઢાંકવા પડે તેવા માહોલમાં કેમ બનાવવા પડયા.

---

# દામનગરની પ્રાથમિક શાળામાં બાળમેળો અને લાઈફ સ્કીલ મેળો યોજાયો



તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર કે. કે. નારોલા પ્રાથમિક શાળાનં ૩ બાળમેળો અને લાઈફ સ્કીલ મેળાનું આયોજન કરાયું જેમાં બાલવાટિકા થી ધોરણ ૮ ના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો દામનગર શાળા પરિવારના તમામ શિક્ષકો દ્વારા બાળકોને માર્ગદર્શન અપાયું આ કાર્યક્રમમાં સીઆરસી દિલીપભાઈ પરમાર પણ ઉપસ્થિત રહ્યાં હતાં શાળાના ભૂલકાઓએ માટીકામ, છાપકામ, રંગપૂરણી, ચિટકકામ, સાયકલ રિપેરિંગ, કાગળ ફાઈલિંગ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો તેમજ ખાણી પીણી ના સ્ટોલ નાખ્યા હતા પોતાના વય કક્ષા મુજબ દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર અને ઉમંગભેર બાળમેળાની અને લાઈફ સ્કિલ મેળાની મજા માણી. વામવયે જ જીવન કેળવણી માટે આચાર્યના માર્ગદર્શન હેઠળ સમગ્ર શાળા સ્ટાફ દ્વારા સુંદર આયોજન કરાયું હતું.

## શાળાઓ-કોલેજો અને ખાનગી ઓફિસો ખુલી રહેશે

# આજે ભારત બંધનું એલાન : ૨૫ કરોડ કર્મચારીઓએ બાંયો ચડાવી

### દેશનાં ૧૦ કેન્દ્રીય વેપારી સંગઠનોએ સંયુક્ત ધોરણે આજે બંધનું એલાન આપ્યું

નવીદિલ્હી,તા.૮

દેશના ૧૦ કેન્દ્રીય વેપાર સંગઠનોએ સંયુક્ત ધોરણે આવતીકાલે ૯ જુલાઈ, ૨૦૨૫ના રોજ ભારત બંધનું એલાન કર્યું છે. જેમાં બૅંકિંગ, કોલસા ખાણકામ, પોસ્ટ ઑફિસ, ઈન્સ્યોરન્સ કંપની અને પરિવહન જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશે. સરકારની 'કોર્પોરેટ-તરફેણ, મજૂર-વિરોધી અને ખેડૂત-વિરોધી' નીતિઓનો વિરોધ કરતાં આ બંધનું એલાન કરવામાં આવ્યું છે. જો કે, શાળાઓ, કૉલેજો અને ખાનગી ઑફિસો ખુલ્લી રહેશે, પરંતુ દેખાવોના કારણે ઘણા સ્થળો પર ટ્રાફિકની સમસ્યાઓ નડી શકે છે.

### બેંકિંગ, કોલસા, ખાણકામ, પોષ્ટ ઓફિસ, વીમા કંપની સહિતનાં ક્ષેત્રનાં કર્મચારીઓ જોડાશે

બેન્ક અને વીમા: જાહેર ક્ષેત્રની બૅંકો અને વીમા કંપનીઓના કર્મચારીઓ હડતાળ પર રહેશે, જેના કારણે વ્યવહારો અને ચેક ક્લિયરન્સ પર અસર પડી શકે છે. બૅંક યુનિયનો દ્વારા સેવાઓ આવતીકાલે બંધ રહેવાની અલગથી જાહેરાત થઈ નથી. પરંતુ હડતાળના આયોજકોનું કહેવું છે કે જાહેર ક્ષેત્ર અને સહકારી બૅંકોના કર્મચારીઓ તેમાં સામેલ છે. જેથી તેઓ બંધ પાળશે.

ટપાલ સેવાઓ: પોસ્ટ ઑફિસ અને કુરિયર સેવાઓ ખોરવાઈ જવાની અપેક્ષા.

કોલસા ખાણકામ અને કારખાનાઓ: કોલ ઈન્ડિયા અને અન્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કામકાજ બંધ રહેશે.શેરબજાર અને બુલિયન બજાર: શેર માર્કેટ અને બુલિયન બજાર બંને આવતીકાલે ૯ જુલાઈના રોજ ખુલ્લા રહેશે.

જાહેર પરિવહન: ઘણા રાજ્યોમાં બસ અને ટેક્સી સેવાઓ પ્રભાવિત થશે, પરંતુ ખાનગી વાહનો ચાલુ રહેશે.

### સરકારની કોર્પોરેટ તરફેણ, મજુર વિરોધી અને ખેડૂત વિરોધી નીતિઓનો કરાશે વિરોધ

રેલવે: જોકે રેલ્વે યુનિયનોએ ઔપચારિક હડતાળનું એલાન કર્યું નથી, કેટલાક વિસ્તારોમાં વિરોધને કારણે સ્થાનિક ટ્રેનો પ્રભાવિત થઈ શકે છે.

કર્મચારીઓના વિરોધ પાછળના મોટા કારણ

શ્રમ મંત્રીને ૧૭ સૂચી માગપત્ર સોંપ્યા હતા. પરંતુ કોઈ કાર્યવાહી હાથ ધરી ન હતી.

૧૦ વર્ષથી વાર્ષિક લેબર કોન્ફરન્સ યોજાઈ નથી.

નવા લેબર કોડ મારફત વેપાર સંગઠનોને નબળા બનાવવાનો પ્રયાસ

કામના કલાકો વધ્યા, શ્રમિકોના અધિકારો ઘટ્યાની માગ

ખાનગીકરણ અને કોન્ટ્રાક્ટ કેચ્યુઅલ નોકરીઓને પ્રોત્સાહનનો વિરોધ

વધુ ભરતી અને સારા પગારની માગને નજરઅંદાજ

યુવા બેરોજગારીનો મુદ્દો ઉકેલવો

### નરેન્દ્ર મોદી સરકાર સામે સૌપ્રથમ કરોડો નાગરિકો રોષ વ્યક્ત કરશે

ભારત બંધમાં સામેલ સંગઠન

ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (INTUC)

સેન્ટર ઑફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ (AITUC)

ટ્રેડ યુનિયન કોંગ્રેસ (TUC)

સેલ્ફ એમ્પ્લોય્ડ વિમન્સ ઍસોસિએશન (SEWA)

ઓલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ટ્રેડ યુનિયન્સ (AICCTU)

હિન્દ મજદૂર સભા (HMS)

લેબર પ્રોગ્રેસિવ ફેડરેશન (LPF)

યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ (UTUC)

## ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવામાં આવી

# ધારી તાલુકા અનુ.જાતિ ખેતી મંડળીની કાર્યપ્રણાલી સામે રોષ

### અવારનવાર રજુઆત છતાં પરિણામ મળતુ નથી

અમરેલી, તા. ૮

ધારી તાલુકા અનુ.જાતી ખેતી સામુદાયિક મંડળીનાં પ્રમુખ સામે ગેરરીતીનાં આક્ષેપો સાથે અનુ.જાતીનાં નાગરિકોએ જિલ્લા કલેકટર, પોલીસ અધિક્ષકને પત્ર પાઠવીને પગલા લેવાની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, મંડળીના વર્તમાન પ્રમુખ તેમજ તેમના પિતાએ પેઢી મંડળી બનાવી છેલ્લા ૪૦ વર્ષથી કૌંભાડ આચરી જમીનો વેચી છે. અને બાકીની જમીનમાં કબ્જો કરેલ છે. અને સભાસદોને જમીન આપતા ન હોય કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવે છે.

## મહાકાય ટ્રકો સતત હોર્ન વગાડીને શાંતિ હણી રહ્યા છે

# અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપર વસવાટ કરતાં નાગરિકો રાત્રિનાં સમયે વાગતા હોર્નથી પરેશાન

### જાગૃત્ત નાગરિકે પોલીસ અધિક્ષક અને આરટીઓને રજૂઆત કરી

અમરેલી, તા. ૮

અમરેલીનાંજાગૃતનાગરિક અને બાયપાસ ઉપર આવેલ અયોધ્યા એપાર્ટમેન્ટમાંરહેતાગૌરાંગરાજયગુરૂએ પોલીસ અધિક્ષક અને આરટીઓ અધિકારીનેપત્ર પાઠવેલછે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીનોબાયપાસરોડખૂબજઝડપથી પ્રગતિ કરી રહેલ છે અને આરટીઓ સર્કલથી લઈને ગુરૂદત પેટ્રોલ પંપ લાઠી રોડ સુધી બાયપાસ રોડ પર અનેક એપાર્ટમેન્ટ તથા સોસાયટીઓ બની જતાં ત્યાં સેંકડો લોકો વસવાટ કરી રહેલા છે. જેમાં મનસીટી, એમેઝોન રેસીડેન્સી, અયોધ્યા એપાર્ટમેન્ટ, સારથી રેસીડેન્સી-૧, સારથી રેસીડેન્સી-૨, સારથી રેસીડેન્સી-૩ તથા સારથી રેસીડેન્સી-૪ તેમજ શિવપાર્ક, વિભાગ-૧, શિવપાર્ક વિભાગ-૨, શિવપાર્ક વિભાગ-૩ તથા શિવપાર્ક વિભાગ-૪ તેમજ અન્ય અનેક સોસાયટીઓબનીનેવિકસીતથઈનેત્યાં લોકોવસવાટકરીરહ્યાછે.તેમજસાંજે ૭ વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી પિપાવાવ પોર્ટથી આવતા નાના-મોટા ટ્રક, મોટા મોટા કન્ટેનર તેમજ પ્રાઈવેટ બસો તેમજ અન્ય ટ્રકો પુરપાટ ઝડપે ચલાવી મોટા મોટા હોર્ન વગાડે છે જે હોર્ન એકવાર વગાડવા પ્રેસ કરીએ તો ૨૦થી ૩૦ સેકન્ડ સતત વાગતા રહેતા હોય છે. તેમજરાત્રિનાસમયેબાયપાસરોડપરકોઈ જ પ્રકારનો ટ્રાફીક ન હોવા છતાં માત્ર મનોરંજન કરવા અને એકબીજા હોર્નની હરીફાઈ કરવાસતતએકસાથેપાંચ-પાંચ ટ્રકકેકન્ટેનરએકસાથેહોર્નવગાડતાહોય છે. જેથીરાતનાસમયેનિંદરકરવામાંઅને નાના બાળકોને સુવામાં પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી અમરેલીઆરટીઓસર્કલથીલઈનેલાઠી રોડગુરૂદતપેટ્રોલપંપસુધીનો-હોર્નઝોન જાહેરકરીઅમરેલીજિલ્લાટ્રાફીકશાખા અનેઆરટીઓકચેરીધ્વારાતાકીદેઆવા વાહનચાલકોસામેકાર્યવાહેકરેતેવીમાંગ અંતમાંકરવામાંઆવીછે.


સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ પ્લેટ -ઘરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ,ઓટોમેટીક ટાયર ફીટીંગ,નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli


MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઈઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999


Hero
Pleasure+ Xtec
VIDA
નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


YAMAHA RACING
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક
1.35* ઓન રોડ
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ગૌરીવ્રત તેમજ જયાપાર્વતી વ્રત નિમિતે
મોળી વેફર્સ
બટેટા વેફર્સ ▬ કેળા વેફર્સ ▬ મોળો ફરાળી ચેવડો
સ્પે.માવાના પેંડા (જાયફળવાળા)
ટોપરાપાક ▬ શીંગપાક
તેમજ વિવિધ ચટપટુ ફરસાણ તો ખરૂજ...
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૦૭૯૫૫


JULY SPECIAL Offer
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
પરીખ હોન્ડા

### ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા

# પાકિસ્તાને આપ્યો દગો... UN માં ઘેરાયું અફઘાનિસ્તાન તો વહારે આવ્યું ભારત

## પાકિસ્તાને તાલિબાનને દગો આપ્યો અને આ પ્રસ્તાવનું સમર્થન કર્યું, પરંતુ આ દરમિયાન ભારત અફઘાનિસ્તાનની મદદ માટે આગળ આવ્યું

પાકિસ્તાન,તા.૮

પાકિસ્તાન લાંબા સમયથી ભારત સામે જે આતંકવાદનો ઉપયોગ હથિયાર તરીકે કરતું આવ્યું છે, તે જ આતંકવાદ જ્યારે તેને અફઘાનિસ્તાન સરહદ પર ડંખ મારી રહ્યો છે, ત્યારે તે બોખલાઈ ગયું. જ્યારે સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદના મુદ્દા પર અફઘાનિસ્તાનને ઘેરવા માટે પ્રસ્તાવ આવ્યો, ત્યારે પાકિસ્તાને તાલિબાનને દગો આપ્યો અને આ પ્રસ્તાવનું સમર્થન કર્યું, પરંતુ આ દરમિયાન ભારત અફઘાનિસ્તાનની મદદ માટે આગળ આવ્યું.

UNમાં પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો કે, તાલિબાન સરકાર આતંકવાદ માટે પોતાની જમીનનો ઉપયોગ કરવાથી અટકાવે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સોમવારે આ મુદ્દે મતદાન થયું ત્યારે ભારત ગેરહાજર રહ્યું અને આ મતદાનથી અંતર જાળવી રાખ્યું. દ્રમાં આ પ્રસ્તાવ ૧૧૬ મતોના સમર્થનથી પસાર થયો હતો, પરંતુ ભારતે ગેરહાજર રહીને એક મોટો રાજદ્વારી સંદેશ આપ્યો છે. આશ્ચર્યજનક રીતે અમેરિકા અને ઈઝરાયલે આ પ્રસ્તાવની વિરુદ્ધ મતદાન કર્યું. જ્યારે ભારત સહિત ૧૨ દેશો ગેરહાજર રહ્યા.ભારતે કહ્યું કે, કોઈ નવા અને અફઘાનિસ્તાનને ટાર્ગેટ કરનારા આવા કોઈ પગલાની જરૂર નથી. આનાથી અફઘાન લોકોની સ્થિતિ સુધારવાના આંતરરાષ્ટ્રીય સમુદાયના લક્ષ્યમાં કોઈ મદદ નહીં મળશે. યુએનમાં 'અફઘાનિસ્તાનની પરિસ્થિતિ' નામનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો. યુએનમાં ભારતના કાયમી પ્રતિનિધિ પાર્વથેની હરીશે કહ્યું કે, ભારત અફઘાનિસ્તાનમાં સુરક્ષા પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખી રહ્યું છે. વિશ્વના દેશોએ એક થવાની અને તે પ્રતિબંધિત સંગઠનો અને વ્યક્તિઓને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કરતા અટકાવવાની જરૂર છે. અલ કાયદા, ISIS અને તેના સહયોગી જૂથો સાથે લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ જેવા આતંકવાદી સંગઠનો પર સકંજો કસવામાં આવે અને તેમને ટેકો આપનારા દેશો પર પણ નિયંત્રણો લાદવા જોઈએ જેથી તેઓ અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ આતંકવાદી ગતિવિધિઓ માટે ન કરી શકે.

ભારતીય પ્રતિનિધિએ વિદેશ મંત્રી એસ. જયશંકર અને તાલિબાનના નિયુક્ત વિદેશ મંત્રી વચ્ચેની તાજેતરની વાતચીતનો ઉલ્લેખ કર્યો. વાતચીતમાં તાલિબાને પહલગામ આતંકવાદી હુમલાની સખત નિંદા કરી, જેનું ભારતે સ્વાગત કર્યું. આ પહેલા ભારતના વિદેશ સચિવ અને અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ મંત્રી વચ્ચેની મુલાકાતમાં દ્વિપક્ષીય અને પ્રાદેશિક વિકાસ સાથે સંબંધિત તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.તેમણે કહ્યું કે, ભારતની અફઘાનિસ્તાન સાથે લાંબા સમયથી મિત્રતા રહી છે અને ભારત-અફઘાન જનતા વચ્ચે ઐતિહાસિક સાંસ્કૃતિક સંબંધો છે. ભારત અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતાના પક્ષમાં છે. ભારત લાંબા સમયથી અફઘાનિસ્તાનના વિકાસ પ્રોજેક્ટ્સમાં ભાગીદાર રહ્યું છે. જ્યારે કેટલાક દેશો આતંકવાદી પ્રવૃત્તિઓ માટે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ કરી રહ્યા છે.નોંધનીય છે કે, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે હાલમાં તણાવ ચાલી રહ્યો છે. શહબાઝ શરીફ સરકાર આરોપ લગાવતી રહી છે કે, પાકિસ્તાન તાલિબાન જેવા અનેક આતંકવાદી સંગઠન અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ પાકિસ્તાનમાં આતંકવાદી હુમલા માટે કરે છે.પાકિસ્તાનના ઉત્તર વજિરિસ્તાનમાં તાજેતરમાં જ થયેલા એક આતંકવાદી હુમલામાં ૧૫ સૈનિકોના મોત થયા હતા. ગુલ બહાદુર ગુટે આ હુમલાની જવાબદારી લીધી હતી. તાજેતરમાં જ પાકિસ્તાન અને તાલિબાનના સૈનિકો વચ્ચે સરહદી ક્ષેત્રોમાં સંઘર્ષ પણ થયો હતો.

### આરોપી પર NDPS અને છેતરપિંડી જેવા ગંભીર આરોપો

# ઉદયપુરના સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો

## પોલીસ - આરોપી વચ્ચે ઉદયપુરમાં અથડામણ, જીંફની બોનેટ પર લટકાયેલા હતા પાલનપુરના સબ ઇન્સ્પેક્ટર, ગુનેગારે કારથી કચડવાની કોશિશ કરી

ઉદયપુર,તા.૮

ઉદયપુરના સુખેર વિસ્તારમાં, લૂંટના આરોપી સુરેશ રાજપુરોહિતે ગુજરાત પોલીસના એક અધિકારીને કચડી નાખવાનો પ્રયાસ કર્યો. પોલીસકર્મીએ સ્વબચાવમાં ગોળીબાર કર્યો, પરંતુ આરોપી તેની કારમાં ભાગી ગયો.

મંગળવારે, ઉદયપુર શહેરના સુખેર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક ફિલ્મી સસ્પેન્સ જેવો માહોલ સર્જાયો, જ્યારે એક વોન્ટેડ આરોપીને પકડવા આવેલી ગુજરાત પોલીસની કાર્યવાહી રોમાંચક દ્રશ્યમાં ફેરવાઈ ગઈ. ગુજરાતના પાલનપુર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જયદીપ સરવૈયા આરોપીને રોકવાના પ્રયાસમાં SUVના બોનેટ પર કૂદી પડ્યા, પરંતુ આરોપીએ કાર રોકી નહીં. SHO લગભગ અડધો કિલોમીટર સુધી બોનેટ પર લટકતો રહ્યો અને તે દરમિયાન તેણે સ્વબચાવમાં પણ ગોળીબાર કર્યો. આમ છતાં, આરોપી કાર લઈને ભાગી ગયો.ફરાર આરોપીની ઓળખ જાલોરના રહેવાસી સુરેશ રાજપુરોહિત તરીકે થઈ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, સુરેશ NDPS એક્ટ અને છેતરપિંડી જેવા કેસોમાં વોન્ટેડ છે અને લાંબા સમયથી પોલીસને ટાળી રહ્યો છે. ગુજરાતના પાલનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં તેની વિરુદ્ધ એક નવો કેસ નોંધવામાં આવ્યો હતો, ત્યારબાદ પોલીસે ટેકનિકલ સર્વેલન્સ દ્વારા તેનું લોકેશન ટ્રેસ કર્યું અને ઉદયપુરમાં દરોડા પાડ્યા હતા. જ્યારે ગુજરાત પોલીસની ટીમ ઉદયપુર પહોંચી ત્યારે આરોપી એસયુવીમાં સવાર હતો અને પોલીસની હાજરીની જાણ થતાં જ તેણે ભાગવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન, એસએચઓ જયદીપ સરવૈયા એસયુવીની સામે આવ્યા અને તેને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ સુરેશે ગતિ વધારી દીધી. જયદીપ સરવૈયા પોતાના જીવની પરવા કર્યા વિના બોનેટ પર ચઢી ગયા. બોનેટ પર લટકતા, એસએચઓએ પોતાની પિસ્તોલ કાઢી અને આરોપી પર ગોળીબાર કર્યો. પરંતુ, ગોળી વાગી હોવાની પુષ્ટિ થઈ શકી નથી. આરોપીએ કાર રોકી ન હતી અને એસએચઓ ખતરનાક વળાંક પર આવી ગયા હતા. આ પછી, સુરેશ કાર લઈને ભાગી ગયો. સદનસીબે, એસએચઓને ગંભીર ઈજા થઈ ન હતી.ઘટના પછી તરત જ, સુખેર પોલીસ સ્ટેશન અને ગુજરાત ટીમે સમગ્ર વિસ્તારમાં નાકાબંધી શરૂ કરી દીધી. ઉદયપુર શહેરના તમામ સંભવિત બહાર નીકળવાના સ્થળો પર તપાસ ચાલી રહી છે. પોલીસનું માનવું છે કે આરોપી હજુ પણ નજીકમાં છુપાયેલો હોઈ શકે છે.પાલનપુર પોલીસ સ્ટેશનના અધિકારી જયદીપ સરવૈયાએ સુખેર પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. IPCની અનેક કલમો સાથે, તેમાં પોલીસ પર હુમલો અને હત્યાના પ્રયાસની કલમો પણ ઉમેરવામાં આવી છે.

### ચીન તિબેટને શિઝાંગ પ્રાંત તરીકે ઓળખાવે છે

# પીએમ મોદીએ દલાઈ લામાને શુભેચ્છા પાઠવતા ચીન ધૂંધવાયું

## મંત્રી રિજિજુ સહિતના નેતાઓની ધરમશાલામાં દલાઈ લામાના ૯૦માં જન્મદિવસે હાજરી સામે ચીનનો વિરોધ

બેઈજિંગ, તા.૮

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બૌદ્ધ ધર્મગુરુ દલાઈ લામાને રવિવારે તેમના ૯૦માં જન્મદિન પર શુભેચ્છા પાઠવી હતી. આ મામલે ચીનના પેટમાં ફરી તેલ રેડાયું છે અને સપ્તાહમાં બીજી વખત ભારત સામે વિરોધ નોંધાવ્યો છે. દલાઈ લામાના જન્મદિવસની ઉજવણીના પ્રસંગે ભારતીય અધિકારીઓએ આપેલી હાજરી બાબતે પણ ચીને નારાજગી વ્યક્ત કરતા ભારતને તિબેટ સંલગ્ન મુદ્દાઓમાં બેઈજિંગની સંવેદનશિલતાની કદર કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. ચીનના વિદેશ મંત્રાલયની પ્રવક્તા માઓ નિંગે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું કે, તિબેટ સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચીન સરકારની સ્થિતિ સ્પષ્ટ છે. ઉલ્લેખનીય છે કે રવિવારે દલાઈ લામાના જન્મદિવસના કાર્યક્રમમાં ભારતના સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજુ સહિત કેટલાક અધિકારીઓએ હાજરી આપી હતી. ચીન તિબેટને શિઝાંગ પ્રાંત તરીકે ઓળખાવે છે. માઓએ વધુમાં કહ્યું કે, ૧૪માં દલાઈ લામાને રાજકીય દેશવટો અપાયો છે અને તેઓ ઘણા સમયથી અલગતાવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલા છે અને ધર્મની આડમાં શિઝાંગને ચીનથી અલગ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ભારતે આ મુદ્દે ચીન પ્રત્યે પ્રતિબદ્ધતાનું સન્માન કરવું જોઈએ. ચીને ભારત સામે દલાઈ લામાના જન્મદિવસ પર પીએમ મોદીએ આપેલી શુભેચ્છા તથા મંત્રીઓની હાજરીનો વિરોધ નોંધાવ્યો હતો. બ્રિક્સ સંમેલનમાં હાજરી આપવા બ્રાઝિલ પહોંચેલા ભારતના પીએમ મોદીએ રવિવારે દલાઈ લામાને જન્મદિવસની શુભેચ્છા આપતા એક્સ પર જણાવ્યું કે, તેઓ પ્રેમ, કરુણા, ધૈર્ય અને નૈતિક અનુશાસનના સ્થાયી પ્રતિક છે. તેમના ઉપદેશે તમામ ધર્મોમાં આદર અને પ્રશંસાને પ્રેરિત કર્યા છે. અમે તેમના દિર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરીએ છીએ. હિમાચલ પ્રદેશના ધરમશાલા ખાતે દલાઈ લામાના ૯૦મા જન્મદિવસના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રિજિજૂ અને રાજીવ રંજન સિંઘ, અરૂણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ તથા સિક્કિમના મંત્રી સોનમ લામા હાજર હતા.ગત શુક્રવારે ચીને લઘુમતિ બાબતોના મંત્રાલયની વધારાની જવાબદારી ધરાવતા રિજિજુના નિવેદન સામે વાંધો વ્યક્ત કર્યો હતો જેમાં તેમણે જણાવ્યું કે, દલાઈ લામાના અવતારે તેમની ઈચ્છાઓને અનુસરવું જોઈએ અને ભારતે તિબેટ સંલગ્ન મુદ્દાઓ પર સાવચેતીપૂર્વક કામ કરવું જોઈએ જેથી દ્વિપક્ષીય સંબંધોમાં જોવા મળતો સુધારો પ્રભાવિત ના થાય.અગાઉ રિજિજુએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઉત્તરાધિકારીની પસંદગીનો અધિકાર દલાઈ લામા તથા તેમના દ્વારા સ્થાપિત તિબેટિયન બૌદ્ધ ટ્રસ્ટના નેતાઓને છે, અન્ય કોઈને નથી. દલાઈ લામાએ પણ જણાવ્યું હતું કે તેમના ઉત્તરાધિકારીની જાહેરાતનો હક ફક્ત ગાદેન ફોરડંગ ટ્રસ્ટ પાસે છે. જેના જવાબમાં ચીને વિરોધ વ્યક્ત કરતા કહ્યું કે, આગામી દલાઈ લામાની પસંદગી ચીન સરકારના નિયમો મુજબ કરાશે.

### તાંત્રિક વિધિમાં બાળકે ગુમાવ્યો જીવ ?

# અંગત અદાવતમાં પરિવારના પાંચ સભ્યોને જીવતા સળગાવ્યા

## તાંત્રિકે ગ્રામવાસીઓને ભડકાવ્યા હતા અને તે બાદ બેકાબૂ ભીડે બાબુલાલ અને તેના પરિવારના સભ્યોને જીવિત સળગાવી દીધા

બિહાર,તા.૮

બિહારના પૂર્ણિયામાં આવેલા ટેટગામા ગામમાં ૫ લોકોને જીવિત સળગાવી દેવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ હત્યાકાંડમાં હવે નવો ખુલાસો થયો છે. આ ખુલાસામાં જાણવા મળ્યુ છે કે, તાંત્રિકે ગ્રામવાસીઓને ભડકાવ્યા હતા. અને તે બાદ બેકાબૂ ભીડે બાબુલાલ અને તેના પરિવારના સભ્યોને જીવિત સળગાવી દીધા હતા. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ધરપકડ કરાયેલા તાંત્રિકે પૂછપરછમાં ખુલાસો કર્યો હતો.

બિહારના પૂર્ણિયામાં આવેલી ટેટગામા ગામમાં પાંચ લોકોને સળગાવ્યા બાદની ઘટનાથી આસપાસ ભયનો માહોલ છે. નજીકના ૨૩ ગામમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. આ ઘટના મામલે કોઈ જુબાની આપવા તૈયાર નથી. પોલીસે સ્થાનિકોની પૂછપરછ શરુ કરી હતી. પરંતુ કોઈ સફળતા હાથ લાગી ન હતી. મૃતક બાબુલાલ ઉરાંવ તંત્ર મંત્રનું કામ કરતો હતો. બાબુલાલનો પાડોશી રામદેવ ઉરાંવનો ૮ વર્ષિય બાળક ખેતરમાં કામ કરવા ગયો હતો. બાળક સવારથી ભૂખ્યુ હતુ. અને જ્યારે તે ઘરે આવ્યો ત્યારે તે ઘરમાં ઢળી પડ્યો હતો.

બિમાર બાળકને બાદમાં તાંત્રિક નકુલ ઉરાંવ પાસે લઈ જવાયો હતો. અને તેના પર તંત્ર ક્રિયા કરવામાં આવી હતી. પરંતુ આ દરમિયાન તેનું મૃત્યુ થયુ હતુ. બસ આ ઘટનાનો ફાયદો ઉઠાવીને તાંત્રિક નકુલ ઉરાંવે બાળકની મોત બાદ તેના પિતા રાજારામને ભડકાવ્યા હતા. અને કહ્યુ હતુ કે, આ બધી ક્રિયા પાછળ તાંત્રિક બાબૂલાલનો હાથ છે. તેની તાંત્રિક વિધિના કારણે આ બધી પરિસ્થિતિ ઉભી થઈ છે. બાસ બાદમાં તેણે સ્થાનિકોને ભડકાવવાનું કામ શરુ કર્યુ હતુ. અને બાબુલાલના પરિવારને જીવિત સળગાવ્યો હતો. રાજારામના ઘરમાં વધુ બે બાળકો બિમાર થયા હતા. જે બાદ આ મામલો વકર્યો હતો. આ બાળકોને શરદી-ખાંસી અને તાવ હતો. જેના કારણે તેમની તબિયત ખરાબ થઈ હતી. પરંતુ આના માટે પણ તાંત્રિક વિદ્યા જવાબદાર હોવાનું લોકોએ જણાવ્યુ હતુ. ગ્રામજનોએ બાબુલાલના પરિવાર પર હુમલો કર્યો હતો. અને તેમની સાથે મારામારી શરુ કરી હતી. ઘરના ૫ સભ્યો પર પેટ્રોલ છાંટીને તેમની જીવિત સળગાવવામાં આવ્યા હતા. આ તમામ મૃતદેહોને ૨ કિમી દૂર દરગાહ ઘેસરિયા બહિયારમાં માટી નાંખીને દાટવામાં આવ્યા હતા. પોલીસને આ મામલે જાણ થતા તેઓએ આરોપી નકુલ ઉરાંવે ઘટનાસ્થળની માહિતી આપી હતી. પોલીસે તપાસ કરતા તમામ ૫ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ ખસેડ્યા હતા. અને બાદમાં તેઓના અંતિમ સંસ્કાર પણ કર્યા હતા.

### નેતન્યાહૂ-ટ્રમ્પનો મેગાપ્લાન તૈયાર

# પેલેસ્ટાઇનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવાની તૈયારી

## રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે

ઈઝરાયલ,તા.૮

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ હાલમાં અમેરિકાના પ્રવાસે છે. ગયા સોમવારે, યુએસ પ્રમુખ ટ્રમ્પ અને નેતન્યાહૂએ વ્હાઈટ હાઉસમાં ડીનર કર્યું હતું. આ દરમિયાન, ગાઝામાં યુદ્ધવિરામના મુદ્દા પર ચર્ચા થઈ હતી. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગાઝાવાસીઓને સ્થળાંતર કરવાના વિવાદાસ્પદ પ્રયાસોનો પણ સંકેત આપ્યો છે.ટ્રમ્પ દ્વારા આયોજિત ડીનરની શરુઆતમાં, નેતન્યાહૂએ કહ્યું કે, 'અમેરિકા અને ઈઝરાયલ પેલેસ્ટિનિયનોને અન્ય દેશોમાં વસાવવા માટેના વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. અમે પેલેસ્ટિનિયનોને સારું ભવિષ્ય આપવા માંગીએ છીએ. આવી સ્થિતિમાં ગાઝાના લોકોને પડોશી દેશોમાં શિફ્ટ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે.'

નેતન્યાહૂએ વધુમાં કહ્યું કે, 'જો પેલેસ્ટિનિયનો ગાઝામાં રહેવા માંગતા હોય, તો તેઓ રહી શકે છે પરંતુ જો તેઓ સ્થળાંતર કરવા માંગતા હોય, તો તેઓએ જવું જોઈએ. અમે આ લોકો માટે એવા દેશો શોધવા માંગીએ છીએ, જ્યાં તેમને સ્થળાંતરિત કરી શકાય. અમે આવા દેશો શોધવાની નજીક છીએ.પેલેસ્ટાઈનના નાગરિકોને બીજા દેશોમાં શિફ્ટ કરવા અંગે નેતન્યાહૂએ કહ્યું કે, 'ઈઝરાયલ અને અમેરિકા એવા દેશ બાબતે વિચાર કરી રહ્યા છે જે પેલેસ્ટાઈનના નાગરિકોને શરણ આપવા માટે તૈયાર હોય.'

અગાઉ ટ્રમ્પે ગાઝા માટે ૫-મુદ્દાની યોજના તૈયાર કરી હતી. જેમાં તેમણે કહ્યું હતું કે, 'પેલેસ્ટિનિયનોએ ગાઝા પટ્ટી ખાલી કરવી પડશે. તેમણે ઈજિપ્ત, જોર્ડન અને અન્ય દેશોમાં કાયમી રીતે સ્થાયી થવું જોઈએ. હવે ગાઝા રહેવા યોગ્ય નથી. ગાઝા ખાલી કર્યા પછી, અહીં પુનર્નિર્માણ કાર્ય ખૂબ જ જોશથી કરવામાં આવશે અને ગાઝા મધ્ય પૂર્વના રિવેરા બની જશે.'આ અંગે ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે, 'અમે ગાઝાને મધ્ય પૂર્વનો રિવેરા બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. રિવેરાએ ઈટાલિયન શબ્દ છે, જેનો અર્થ દરિયાકિનારો થાય છે. ફ્રેન્ચ રિવેરા અને ઈટાલિયન રિવેરા સમગ્ર વિશ્વમાં તેમના પર્યટન માટે પ્રખ્યાત છે. તે જ રીતે ટ્રમ્પ ગાઝાને પર્યટન કેન્દ્ર તરીકે વિકસાવવા માંગે છે.આ ટ્રમ્પ અને નેતન્યાહૂની ત્રીજી મુલાકાત છે.બંને નેતાઓની એવા સમયે મુલાકાત થઈ જ્યારે ઈઝરાયલી અધિકારીઓ હમાસ સાથે યુદ્ધવિરામ અંગે ચર્ચા કરી રહ્યા છે. આ વાટાઘાટોમાં અમેરિકા પણ મધ્યસ્થી છે. આ કરાર અંગે વાતચીતનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે.

### ઈરાની સરકારે નુકસાન સ્વીકાર્યું, સેના હજુ મૌન

# ૧૨ દિવસના ભીષણ યુદ્ધમાં ૧૦૬૦ લોકોના ગયા જીવ

## ઓહાદીએ ચેતવણી આપી હતી કે, અમુક લોકો ગંભીર રૂપે ઘાયલ છે જેથી મૃતકોનો આંકડો વધવાની ભીતિ છે

ઈરાન,તા.૮

ઈરાનની સરકારે ઈઝરાયલ સાથે ૧૨ દિવસ ચાલેલા ભીષણ યુદ્ધમાં થયેલા નુકસાનનો આંકડો જાહેર કર્યો છે. આ યુદ્ધમાં ઓછામાં ઓછા ૧૦૬૦ લોકો માર્યા ગયા છે. જો કે, આ આંકડો વધવાની શક્યતા છે. ઈરાનના ફાઉન્ડેશન ઓફ માર્ટર એન્ડ વેટરન્સ અફેર્સના પ્રમુખ સઈદ ઓહાદીએ સોમવારે મોડી રાત્રે ઈરાનની સરકારી ટીવી પર પ્રસારિત ઈન્ટરવ્યૂમાં મૃતકોની સંખ્યા વિશે માહિતી આપી હતી. ઓહાદીએ ચેતવણી આપી હતી કે, અમુક લોકો ગંભીર રૂપે ઘાયલ છે. જેથી મૃતકોનો આંકડો વધવાની ભીતિ છે.

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ૧૨ દિવસ ભીષણ યુદ્ધ ચાલ્યું હતું. જેમાં બંને દેશોએ એકબીજા પર ડ્રોન અને મિસાઈલ્સ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં ઈરાનની એર ડિફેન્સ પ્રણાલી નષ્ટ કરવામાં આવી હતી. યુદ્ધવિરામ લાગૂ થયા બાદ ઈરાન ધીમે-ધીમે વિનાશની વ્યાપકતા સ્વીકારી રહ્યું છે.ઈરાને અત્યારસુધી આ યુદ્ધમાં તેની સેનાને કેટલું નુકસાન થયુ છે. તે જણાવ્યું નથી. વોશિંગ્ટન સ્થિત માનવાધિકાર કાર્યકર્તાના જૂથે જણાવ્યું હતું કે, ૪૩૬ નાગરિક અને સુરક્ષાદળોના ૪૩૫ જવાનો સહિત કુલ ૧૧૯૦ લોકો માર્યા ગયા છે. હુમલામાં ૪૪૭૫ લોકો ઘાયલ છે.

ગતમહિને ૧૩ જૂનના રોજ ઈઝરાયલે ઈરાન પર મોટો હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે ભીષણ યુદ્ધ છેડાયુ હતું. આ યુદ્ધમાં ઈરાનના પરમાણુ ઠેકાણાં, બેલેસ્ટિક મિસાઈલ યુનિટ, ટોચના જનરલના નિવાસો, અને બે ડઝનથી વધુ પરમાણુ વૈજ્ઞાનિકોને ટાર્ગેટ બનાવ્યા હતાં. અમેરિકાએ પણ આ યુદ્ધમાં ઝંપલાવ્યું હતું. ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો. તેણે ૩૦૦૦૦ પાઉન્ડના બંકર બસ્ટર બોમ્બ વડે હુમલો કર્યો હતો. ૧૨ દિવસના સંઘર્ષ બાદ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે સીઝફાયર કરવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રીય હિતો સાથે સમાધાન નહીં

# અમેરિકાએ ટેરિફ બૉંબ ઝિંકતા જાપાનના વડાપ્રધાન નારાજ

## અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ

અમેરિકા,તા.૮

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી ટેરિફ બૉંબ ઝિંકવાની જાહેરાત કરી છે. તેમણે જાપાનથી લઈને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકાથી લઈને ૩૬ ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે, જેના કારણે અનેક દેશો નારાજ થયા છે.

આ ક્રમમાં જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબાએ અમેરિકાની ટેરિફ નીતિથી નારાજ થયા છે. તેમણે મંગળવારે (૮ જૂન) કહ્યું કે, 'ટ્રમ્પનો જાપાન પર ૨૫ ટકા ટેરિફ ઝિંકવાનો નિર્ણય ખૂબ જ નિરાશાજનક છે. સમસ્યાનો ઉકેલ લાવવા અને પરસ્પર લાભ માટે દ્વિપક્ષીય ચર્ચા-વિચારણા કરવાના પ્રયાસો ચાલુ રહેશે.' તેમણે ટ્રમ્પને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, અમારો દેશ રાષ્ટ્ર હિત સાથે કોઈપણ પ્રકારનું સમાધાન નહીં કરે.જાપાનના વડાપ્રધાન શિગેરુ ઈશિબા એ ટાસ્ક ફોર્સની બેઠકમાં કહ્યું કે, 'અમેરિકા અને જાપાન વચ્ચે ફાયદાકારક સમજૂતી થઈ શકે તે માટે અમે અમેરિકા સાથે વાતચીત ચાલુ રાખીશું. જોકે અમે અમારા રાષ્ટ્ર હિતોથી પીછેહઠ નહીં કરીએ.' અમેરિકા સાથે વેપાર સમજૂતી ધીમી ગતિએ આગળ વધવા મામલે તેમણે કહ્યું કે, 'અમારે અમારા રાષ્ટ્ર હિત સાથે સમજૂતી ન કરવી પડે, જે જરૂરી છે અને તેની રક્ષા થઈ શકે તે માટે જાપાન સરકાર અમેરિકા સાથે વેપાર સમજૂતી મામલે ઉતાવળિયું પગલું ભરવા માંગતી નથી' ઉલ્લેખનીય છે કે, અમેરિકાએ પહેલી ઓગસ્ટથી જાપાન, દક્ષિણ કોરિયા સહિત ૧૪ દેશો પર નવી ટેરિફ નીતિ લાગુ કરવાની જાહેરાત કરી છે. અમેરિકા જાપાનમાંથી કાર, કારના સ્પેરપાર્ટ્સ, ફાર્માસ્યૂટિકલ્સ અને મશીન ડિવાઈસની આયાત કરે છે. અમેરિકાએ જે ૧૪ દેશો પર નવો ટેરિફ બૉંબ ઝિંક્યો છે, તેમાં બાંગ્લાદેશ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, કંબોડિયા, ઈન્ડોનેશિયા, જાપાન, કઝાકિસ્તાન, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, સર્બિયા, ટ્યુનિશિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડનો સમાવેશ થાય છે.આ ટેરિફ પહેલી ઓગસ્ટથી લાગુ થશે. નવા ટેરિફ દર સ્ટીલ, એલ્યુમીનિયમ અને ઓટો પાર્ટ્સ પર પહેલાથી લાગુ કરાયેલા ટેરિફથી અલગ હશે. વોશિંગ્ટને ચેતવણી આપી છે કે, જો કોઈ દેશ ત્રીજા દેશો મારફતે માલ-સામાન મોકલીને ટેરિફથી બચવાનો પ્રયાસ કરશે, તો તેના પર પણ ઊંચા દર સાથે દંડ લગાવવામાં આવશે.અમેરિકાએ જાપાન અને દક્ષિણ કોરિયા પર ૨૫ ટકા નવા ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. જ્યારે લાઓસ પર ૪૦ ટકા, દક્ષિણ આફ્રિકા પર ૩૦ ટકા, થાઈલેન્ડ અને કંબોડિયા પર ૩૬ ટકા, બાંગ્લાદેશ પર ૩૫ ટકા અને ઈન્ડોનેશિયા પર ૩૨ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એવી પણ ચેતવણી આપી હતી કે, જો આ દેશોએ કોઈ બદલો લીધો તો તેઓ આ દેશોમાંથી આવતા માલ પર આયાત ડ્યુટી પણ લાદશે.

### મરાઠી વિવાદ

# મુંબઈના રસ્તા પર વેપારી vs MNS, પોલીસે ટીંગાટોળી કરી કાર્યકર્તાઓને ડિટેઈન કર્યા

## પોલીસે મનસેના થાણે અને પાલઘરના વડા અવિનાશ જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા

મહારાષ્ટ્ર,તા.૮

મહારાષ્ટ્રમાં ભાષા વિવાદ એ હદે વધી ગયો છે કે રાજ ઠાકરેની પાર્ટી મનસેના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા છે. પરિસ્થિતિ એવી છે કે થોડા દિવસો પહેલા પાર્ટીના કાર્યકરોએ એક ફૂડ સ્ટોલ માલિકને માર માર્યો હતો. વ્યાપારી સંગઠનોએ આનો વિરોધ કર્યો હતો. હવે તેના જવાબમાં મનસેના કાર્યકરોએ મંગળવારે રેલી કાઢી છે, જ્યાં પોલીસ પણ કડક કાર્યવાહી કરી રહી છે.

એવું કહેવામાં આવે છે કે આ રેલી પોલીસની પરવાનગી વિના કાઢવામાં આવી હતી અને તેના કારણે થાણે જિલ્લામાં ભારે ટ્રાફિક જામ અને તણાવ સર્જાયો હતો. રેલી શરૂ થાય તે પહેલાં જ પોલીસે સવારે ૩:૩૦ વાગ્યે મનસેના થાણે અને પાલઘરના વડા અવિનાશ જાધવ સહિત ઘણા અગ્રણી નેતાઓને કસ્ટડીમાં લીધા હતા.

આ મામલે પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, 'મનસેના કાર્યકરો દ્વારા કાઢવામાં આવેલી રેલી મંજૂર રૂટ પર નહોતી. તેથી જ પોલીસે કાર્યવાહી કરવી પડી. મહારાષ્ટ્ર એક લોકશાહી રાજ્ય છે અને અહીં કોઈપણ વિરોધ કરી શકે છે, પરંતુ તેના માટે પહેલા પરવાનગી લેવી પડશે.'આ અંગે પ્રતિક્રિયા આપતા મનસે નેતા સંદીપ દેશપાંડેએ કહ્યું, 'આ પરિસ્થિતિ કટોકટી જેવી છે. ગુજરાતી વેપારીઓની રેલીને પૂર્ણ સન્માન આપવામાં આવી રહ્યું છે ત્યારે અમારા નેતાઓની વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી. શું આ મહારાષ્ટ્ર સરકાર છે કે ગુજરાત સરકાર? સરકાર ગમે તે કરે, મરાઠી લોકોની આ રેલી ચોક્કસ થશે.'આ મહિનાની શરૂઆતમાં મીરા-ભાયંદર વિસ્તારમાં એક ફૂડ સ્ટોલ માલિકને મરાઠીમાં વાત ના કરવાના કારણે માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો, જેના પછી વેપારી સમુદાયમાં ઘણો ગુસ્સો હતો. વેપારીઓએ આ ઘટનાનો વિરોધ કરવા માટે શાંતિપૂર્ણ રેલીનું આયોજન કર્યું હતું. મનસેએ તેને મરાઠી ઓળખની વિરુદ્ધ ગણાવ્યું હતું અને વિરોધમાં પોતે રેલી કાઢી હતી.

# અમેરિકામાં હૈદરાબાદના એક જ પરિવારના ચારના મોત થયા

હૈદરાબાદ,તા.૮

હૈદરાબાદના એક પરિવારના ચાર સભ્યોની રવિવારે (૬ જુલાઈ) માર્ગ અકસ્માતમાં બળીને મોત નિપજ્યા હતા. આખો પરિવાર અમેરિકામાં રજા માણવા ગયો હતો. આ દરમિયાન એક મિની ટ્રકે તેમની કારને ટક્કર મારી દીધી, જેનાથી કારમાં આગ લાગી ગઈ અને અંદર બેઠેલા તમામ લોકો બળીને ખાક થઈ ગયા. હૈદરાબાદના રહેવાસી શ્રી વેંકટ, તેમની પત્ની તેજસ્વિની અને તેમના બે બાળકો અમેરિકાના ડલાસમાં રજા માણવા ગયો હતો. જ્યારે તેઓ અટલાંટામાં પોતાના સંબંધીથી મળ્યા બાદ ડલાસ પરત ફરી રહ્યા હતા, ત્યારે રોંગ સાઈડથી આવી રહેલા એક મિની-ટ્રકે તેમની કારને ટક્કર મારી દીધી હતી. ટક્કર બાદ કારમાં આગ લાગી ગઈ હતી અને દંપતી અને તેમના બંને બાળકોના મોત થઈ ગયા. મૃતકોની ઓળખ સુનિશ્ચિત કરવા માટે ડીએનએ પરીક્ષણ કરવામાં આવ્યા છે. ડીએનએ પરીક્ષણ બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

### ટેક્સાસના ઈતિહાસની સૌથી ભયાવહ તારાજી

# અમેરિકામાં વરસાદી આફત : ટેક્સાસમાં ૨૮ બાળકો સહિત ૧૦૦થી વધુના મોત

**અમેરિકન મીડિયા રિપોર્ટ મુજબ, ટેક્સાસના હિલ કન્ટ્રી અને એડવર્ડ્સ પ્લેટુ પ્રદેશોમાં માત્ર ચાર કલાકમાં લગભગ ચાર મહિના જેટલો વરસાદ પડ્યો હતો**

ટેક્સાસ, તા.૮

અમેરિકાના ટેક્સાસ હિલ કંટ્રીમાં ચોથીથી છઠ્ઠી જુલાઈના રોજ આવેલા અતિભારે વરસાદના કારણે વિનાશક પૂરથી તારાજી સર્જાી છે. વિનાશક પૂરના કારણે ૨૮ બાળકો સહિત ૧૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલ પૂરમાં ફસાયેલા લોકોને બચાવવા માટે ઈમરજન્સી ટીમો પૂરી તાકાત સાથે બોટ અને હેલિકોપ્ટરની મદદથી સતત શોધ કરી રહી છે. કેર કાઉન્ટીના અધિકારીઓના જણાવ્યાનુસાર, અસરગ્રસ્ત કેર કાઉન્ટીમાં કેમ્પ મિસ્ટિક અને અન્ય ઘણાં સમરના કેમ્પ છે. કેર કાઉન્ટીમાં શોધકર્તાઓને ૨૮ બાળકો સહિત ૮૪ લોકોના મૃતદેહ મળ્યા છે, જેના કારણે ટેક્સાસમાં મૃત્યુઆંક ૧૦૪ થયો છે.વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે, 'સ્થાનિક અને ફેડરલ હવામાન સેવાઓએ પૂર પહેલા કેર કાઉન્ટી સમુદાયને પૂરતી ચેતવણી આપી હતી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આ અઠવાડિયાના અંતમાં ટેક્સાસમાં પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ શકે છે. પરંતુ આ સંદર્ભમાં હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.'મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેક્સાસના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારનું ભયાનક પૂર આવ્યું છે.

મૃત્યુઆંક ૧૦૪ થયો છે. જેમાં ૨૮ બાળકો પણ સામેલ છે. ટેક્સાસમાં મિસ્ટિક સમર કેમ્પમાં આવેલી ૧૦ બાળકીઓ સહિત ૪૧ જણ ગુમ છે. વહીવટી તંત્ર તમામની શોધ અને બચાવ કામગીરી કરી રહ્યું છે. આ કેમ્પમાં ૭૫૦ બાળકીઓએ ભાગ લીધો હતો. જેમાં ઘણી પૂરમાં તણાઈ ગઈ છે. હજી પરિસ્થિતિ કાબૂમાં આવી નથી. જેથી મૃત્યુઆંક વધવાની ભીતિ છે.અમેરિકન મીડિયા રિપોર્ટ મુજબ, ટેક્સાસના હિલ કન્ટ્રી અને એડવર્ડ્સ પ્લેટુ પ્રદેશોમાં માત્ર ચાર કલાકમાં લગભગ ચાર મહિના જેટલો વરસાદ પડ્યો હતો. એવો અંદાજ છે કે શુક્રવારે આ વિસ્તારમાં લગભગ ૧.૮ લાખ કરોડ ગેલન વરસાદ પડ્યો હતો. કેર કાઉન્ટી અને આસપાસના વિસ્તારોમાં ૧૦થી ૧૫ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે રાષ્ટ્રીય હવામાન સેવાએ ૮ ઈંચ વરસાદનો અંદાજ લગાવ્યો હતો. આ ભારે વરસાદને કારણે, ગુઆડાલુપ નદીનું સ્તર માત્ર ૪૫ મિનિટમાં ૨૬ ફૂટ સુધી વધ્યું હતું. જેના લીધે પૂરની તારાજી સર્જાી હતી. વહીવટીતંત્રના જણાવ્યા પ્રમાણે,૧૭૦૦થી વધુ ટીમો તહેનાત કરવામાં આવી છે. લગભગ ૮૫૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે.

### પ્લેન ક્રેશમાં ૨૬૦ લોકોએ ગુમાવ્યા જીવ

# પ્લેન ક્રેશની તપાસ મામલે AAIBએ પ્રાથમિક અહેવાલ સરકારને સોંપ્યો

**એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોએ એર ઈન્ડિયાના AI ૧૭૧ પ્લેન ક્રેશનો પ્રાથમિક રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપ્યો છે**

અમદાવાદ,તા.૮

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ બનેલી ભયાવહ પ્લેન ક્રેશની દુર્ઘટના મામલે ચાલી રહેલી તપાસનો પ્રાથમિક રિપોર્ટ નાગરિક ઉડ્ડયન મંત્રાલય સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોવાના અહેવાલ મળ્યા છે. એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરોએ એર ઈન્ડિયાના AI ૧૭૧ પ્લેન ક્રેશનો પ્રાથમિક રિપોર્ટ કેન્દ્ર સરકારને સોંપ્યો છે.

અમદાવાદમાં ૧૨ જૂન ગુરૂવારના રોજ બપોરે ૧.૩૮ વાગ્યે એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતી છૈં ૧૭૧ ફ્લાઈટે ઉડાન ભરી હતી, જેની બે મિનિટમાં જ ૧.૪૦ વાગ્યે જ વિમાન ધડાકાભેર બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલની ઈમારત સાથે અથડાયુ હતું. જેમાં સવાર ૨૪૧ મુસાફરોએ જીવ ગુમાવ્યા હતાં. એકમાત્ર મુસાફરનો આબાદ બચાવ થયો હતો. ઈમારતમાં ઉપસ્થિત અને આસપાસના અન્ય ૧૯ લોકો પણ માર્યા ગયા હતાં.

### નિમણૂંક હુકમ વિતરણ સમારોહ

# ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂંક પત્રો એનાયત કરાયા

**રાજ્યભરમાં કુલ ૩૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂંક પત્રો વિતરણ કરવામાં આવ્યા**

ગાંધીનગર,તા.૮

પ્રાથમિક,માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો.કુબેર ડીંડોરે જણાવ્યું હતું કે,આજે હું શિક્ષણ મંત્રી તરીકે રાજ્યની સેવા કરી રહ્યો છું તે મારા પ્રાથમિકથી લઈને માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક અને હાયર એજ્યુકેશન સુધીના ગુરૂજનોને આભારી છે.વિદ્યાર્થીઓમાં જે સ્કિલ રહેલી હોય છે,તેને ઓળખવાનું અને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવાનું કાર્ય આપણા શિક્ષકો કરતા હોય છે. શિક્ષક એ કોઈ પદ કે પ્રતિષ્ઠા નહીં પરંતુ જવાબદારીનું કાર્ય છે.

રાજ્ય સરકાર દ્વારા બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા ૨૦૨૫ અન્વયે ગાંધીનગર જિલ્લા સહિત રાજ્યભરમાં કુલ ૩૨૪૩ ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યા હતા.જેના ભાગરૂપે ગાંધીનગરના ઈસનપુર મોટા ખાતે શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે આજે ગાંધીનગર જિલ્લાના કુલ ૯૦ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

શિક્ષણ મંત્રીએ કહ્યું કે,સમગ્ર રાજ્યમાં ૧૫૧૫ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો અને ૩૨૪૩ બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સહાયકો એમ કુલ ૪૭૫૮ શિક્ષણ સહાયકોને નિમણૂક પત્રો વિતરણ કરવામાં આવ્યાં છે.વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરવામાં શિક્ષકોનો મહત્વનો ફાળો હોય છે. જેથી શિક્ષકો વિદ્યાર્થીઓના ઘડતર થકી જન કલ્યાણ,લોક કલ્યાણ અને પરોપકાર દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા નિભાવી શકે છે.

નવી શિક્ષણ નીતિ વિશે જણાવતા મંત્રીએ કહ્યું કે,આજના આધુનિક સમયમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીયુક્ત શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે રાજ્ય સરકાર દ્વારા આપણી શાળાઓને સ્માર્ટ ક્લાસરૂમ,કોમ્પ્યુટર લેબ સહિત અનેક સુવિધાઓ આપવામાં આવી રહી છે.આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોરે તેમની ગ્રાન્ટમાંથી શાળા પરિવારને રૂ.૫ લાખની સહાય આપવાની જાહેરાત કરીને સમગ્ર રાજ્યમાં પારદર્શી રીતે ભરતી પ્રક્રિયા કરવા બદલ શિક્ષણ મંત્રી સહિત શિક્ષણ વિભાગને અભિનંદન પાઠવ્યા હતા.

### દલાઈ લામાના ૯૦મા જન્મદિવસ ઉજવણી કરાઈ હતી

# દલાઈ લામાને ભારત રત્નથી સન્માનિત કરો :૮૦ સાંસદોની માંગ

**આ સર્વપક્ષીય મંચમાં ભાજપ, બીજેડી અને જેડીયુ જેવા પક્ષોના સાંસદોનો સમાવેશ થાય છે**

નવીદિલ્હી,તા.૮

તિબેટના ધર્મગુરુ દલાઈ લામાએ છઠ્ઠી જુલાઈના રોજ ૯૦મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ દરમિયાન સાંસદોના એક મંચ દ્વારા તિબેટના ધર્મગુરુ દલાઈ લામાને ભારત રત્ન આપવાની માંગ કરાઈ છે. આ સર્વપક્ષીય મંચમાં ભાજપ, બીજેડી અને જેડીયુ જેવા પક્ષોના સાંસદોનો સમાવેશ થાય છે.

ઓલ પાર્ટી ઈન્ડિયન પાર્લામેન્ટરી ફોરમ ફોર તિબેટે તાજેતરમાં તેની બીજી બેઠકમાં સર્વાનુમતે દલાઈ લામાને ભારત રત્ન આપવાના પ્રસ્તાવને ટેકો આપ્યો હતો અને સરકારને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં દલાઈ લામાને સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કરવાની મંજૂરી આપવાની પણ આપીલ કરાઈ હતી.ભારત રત્ન માટે દલાઈ લામાના નામાંકન માટે ફોરમે એક સહી ઝુંબેશ પણ શરુ કરી છે, જેમાં અત્યાર સુધીમાં લગભગ ૮૦ સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે. ફોરમનો ઉદ્દેશ્ય ૧૦૦ સાંસદોના હસ્તાક્ષર એકત્રિત કર્યા પછી આ મેમોરેન્ડમ પ્રધાનમંત્રી અને રાષ્ટ્રપતિને સુપરત કરવાનો છે.


તિબેટના ધર્મગુરુ દલાઈ લામાની છઠ્ઠી જુલાઈના રોજ ૯૦મા જન્મદિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે હજારો ભક્તો ત્સુગલાગખાંગ મંદિરના પ્રાંગણમાં એકઠા થયા હતા. આ દરમિયાન કેન્દ્રીય મંત્રીઓ કિરેન રિજિજુ, રાજીવ રંજન સિંહ, અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડુ, સિક્કિમના મંત્રી સોનમ લામા અને હોલીવુડ અભિનેતા રિચાર્ડ ગેરે પણ સમારોહમાં હાજરી આપી હતી.

ઉલ્લેખનીય છે, દલાઈ લામાના ઉત્તરાધિકારીના નામ પર અનેક ચર્ચાઓ થઈ રહી છે. ચીને નિવેદન જાહેર કરી જણાવ્યું કે, દલાઈ લામાએ પોતાના ઉત્તરાધિકારીની પસંદગી કરવા માટે ચીન સરકારની મંજૂરી લેવી પડશે. ચીનના નિયમો, કાયદા અને ધાર્મિક તથા ઐતિહાસિક પરંપરાઓનું પાલન કરવું પડશે. ચીનના આ પ્રકારના નિવેદનનો દલાઈ લામાએ સ્પષ્ટ જવાબ આપ્યો હતો.

### હું સીરિયલના વારસાનું સન્માન કરવા માગુ છું

# ક્યોંકી સાસ ભી કભી બહુ થી' માં સ્મૃતિ ઈરાનીની વાપસી

**હું એક એવું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માંગુ છું, જ્યાં ઇન્ડિયન ક્રિયેટિવ ઇન્ડસ્ટ્રી મજબૂત બને**



મુંબઈ, તા.૮

છેલ્લા કેટલાક સમયથી સોશિયલ મીડિયા પર 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલ નવી સીઝન અંગે ચર્ચા ચાલી રહી હતી. ત્યારે હવે એવા સમાચાર સામે આવી રહ્યા છે કે, સ્મૃતિ ઈરાની ફરી એકવાર આ સીરિયલમાં જોવા મળશે. હવે તેમણે સીરિયલમાં અભિનય કરવા અંગે ઓફિશિયલ નિવેદન આપ્યું છે.સ્મૃતિ ઈરાનીએ એક સત્તાવાર નિવેદન આપતા કહ્યું કે, 'કેટલીક યાત્રાઓ એક ગોળ સર્કલ જેવી હોય છે. આ જૂની યાદો માટે નથી, પરંતુ તેની પાછળ એક હેતુ હોય છે. 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલમાં પાછા ફરવાનું માત્ર એક રોલમાં પરત ફરવાનું નથી. આ એ સ્ટોરી તરફ પરત ફરવાનું જેણે ભારતીય ટેલિવિઝનની નવી પરિભાષા આપી છે, તેમજ મારા જીવનને એક નવો આકાર આપ્યો. તેનાથી મારા કરિયરમાં સફળતા આપવા કરતાં તેણે મને લાખો ઘરો સાથે જોડાવાની તક આપી છે.'સ્મૃતિ ઈરાની વધુમાં આગળ કહે છે, '૨૫ વર્ષમાં મેં બે શક્તિશાળી પ્લેટફોર્મ, મીડિયા અને પબ્લિક પોલીસી પર કામ કર્યું છે. આ બંને કામ માટે અલગ અલગ પ્રકારના સમર્પણની જરૂર પડે છે. આજે હું એવા તબક્કે ઉભી છું, ત્યાં અનુભવ ભાવનાઓ સાથે મળે છે અને રચનાત્મકતા, દૃઢ વિશ્વાસમાં જઈ મળે છે. હું માત્ર એક અભિનેત્રી તરીકે જ નહીં, પરંતુ એક એવી વ્યક્તિ તરીકે પાછી ફરી રહી છું, જે સંસ્કૃતિને જાળવી રાખે છે અને લોકોમાં સહાનુભૂતિ પેદા કરે છે. હું આ બાબતોમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું.'સ્મૃતિ ઈરાનીએ તેમના ઓફિશિયલ નિવેદનમાં 'ક્યોંકી સાસ ભી કભી બહુ થી' સીરિયલ વિશે એક ખાસ વાત કહે છે. તે કહે છે, 'હું નવી સીઝનમાં યોગદાન આપીને આ સીરિયલના વારસાનું સન્માન કરવા માંગુ છું. હું એક એવું ભવિષ્ય બનાવવામાં મદદ કરવા માંગુ છું, જ્યાં ઈન્ડિયન ક્રિયેટિવ ઈન્ડસ્ટ્રી મજબૂત બને.

### પહેલા જ દિવસે ૬૦૦ અરજી

# બાપુનગરમાં ગુજરાતના સૌથી મોટા પાસપોર્ટ સેવા કેન્દ્રની શરૂઆત

**મીઠાખળીમાં આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્રમાં અગવડતા પડતી હોવાથી અને સ્થાનિક રહેવાસીઓની વધતી માંગને પહોંચી વળવા માટે કેન્દ્રને શહેરના પૂર્વ ભાગમાં ખસેડવામાં આવ્યું છે**

અમદાવાદ,તા.૮

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં સોમવારે (૭ જુલાઈ) ગુજરાતનું સૌથી મોટું પાસપોર્ટ સેવા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે, હવે પાસપોર્ટ અરજદારો માટે પ્રક્રિયાને વધુ ઝડપી અને સુવિધાજનક બની જશે. આ નવું કેન્દ્ર અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે અને રાજયભરના અરજદારોને સેવા આપવા સક્ષમ છે. ઉલ્લેખનીય છે કે મીઠાખળીમાં આવેલા પાસપોર્ટ સેવા કેન્દ્રમાં અગવડતા પડતી હોવાથી અને સ્થાનિક રહેવાસીઓની વધતી માંગને પહોંચી વળવા માટે કેન્દ્રને શહેરના પૂર્વ ભાગમાં ખસેડવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે નવા પાસપોર્ટ કેન્દ્રની શરૂઆત સાથે જ પ્રથમ દિવસે ૬૦૦ લોકોને પાસપોર્ટ માટે એપોઈમેન્ટ આપવામાં આવી હતી. અહીં ૩ વિંગમાં અલગ-અલગ ૩૬ કાઉન્ટ બનાવવામાં આવ્યા છે. આ સેવા કેન્દ્રમાં ઓનલાઈન એપોઈન્ટમેન્ટ સિસ્ટમ, ફિંગરપ્રિન્ટ અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા દ્વારા અરજદારોનો સમય બચશે. આ કેન્દ્રમાં અરજદારો માટે બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

સત્તાવાર લોન્ચિંગ પહેલા રવિવારે અરજદારો સાથે ટ્રાયલ રન પણ કરવામાં આવ્યો હતો. અપગ્રેડેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે, આ કેન્દ્ર આગામી દિવસોમાં દરરોજ ૮૦૦થી વધુ અરજીઓનું નિકાલ કરી શકાશે તેવી અપેક્ષા છે. આ પહેલથી ગુજરાતના નાગરિકોને પાસપોર્ટ સંબંધિત સેવાઓ મેળવવામાં નોંધપાત્ર રાહત મળશે. ખાસ કરીને અમદાવાદ અને આસપાસના વિસ્તારોના લોકોને આ કેન્દ્ર શરૂ થવાથી પાસપોર્ટ કચેરી પરનો ભાર પણ ઘટશે અને સેવાઓની ગુણવત્તામાં સુધારો થશે.

### કિડનીના કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો

# ભારતમાં મહિલા કરતાં પુરુષોમાં કિડનીના કેન્સરનું પ્રમાણ બમણું

**કિડનીના કેન્સર સૌથી વધુ નોંધાયા હોય તેમાં ચીન ૭૩૩૫૬ સાથે મોખરે, અમેરિકા ૭૧૭૫૯ સાથે બીજા, રશિયા ૨૯૧૦૯ સાથે ત્રીજા જ્યારે ભારત ચોથા સ્થાને છે**

નવીદિલ્હી,તા.૮

ભારતમાં કિડનીના કેન્સરના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. એક વર્ષમાં ભારતમાંથી કિડનીના કેન્સરના ૧૭૪૮૦ કેસ નોંધાઈ ચૂક્યા છે. કિડનીના કેન્સર સૌથી વધુ નોંધાયા હોય તેમાં ચીન ૭૩૩૫૬ સાથે મોખરે, અમેરિકા ૭૧૭૫૯ સાથે બીજા, રશિયા ૨૯૧૦૯ સાથે ત્રીજા જ્યારે ભારત ચોથા સ્થાને છે. ધુમ્રપાન, ક્રોનિક હાઈ બલ્ડપ્રેશર તેમજ લાંબો સમય પેઈનકિલર્સ લેવાથી કિડનીનું કેન્સર થવાનું જોખમ રહેલું છે.

કેન્સરના તમામ કેસમાં કિડનીના કેન્સરનું પ્રમાણ ૨-૩ ટકા જેટલું છે. જેમાં હવે ચિંતાજનક રીતે વધારો જોવા મળી રહ્યો છે. નેશનલ કેન્સર રજીસ્ટ્રી પ્રમાણે છેલ્લા એક દાયકામાં ભારતમાં કિડનીના કેન્સરના કેસમાં ૧૫-૨૦ ટકાનો વધારો થયો છે. કિડનીના કેન્સરના કેસ થવાની સંભાવના મહિલાઓ કરતાં પુરુષોમાં બમણી રહેલી છે. સામાન્ય રીતે કિડનીનું કેન્સર કોઈ પણ ઉંમરે થઈ શકે છે. પરંતુ ૭૦ વર્ષની ઉંમર બાદ કિડનીનું કેન્સર થવાનું સૌથી વધુ જોખમ છે. હવે બદલાતી જીવનશૈલીને પગલે યુવાનોમાં પણ કિડનીના કેન્સરના કેસમાં વધારો જોવા મળ્યો છે.

જાણકારોના મતે કિડનીનું કેન્સર થવા પાછળ ચોક્કસ કારણ જાણી શકાયું નથી. અલબત્ત, ધુમ્રપાન, ક્રોનિક હાઈ બલ્ડપ્રેશર, મેદસ્વિતા, કિડની કેન્સરનો કૌટુંબિક ઈતિહાસ, લાંબા સમય સુધી પેઈનકિલર્સ લેવી, ટીબી જેવા કારણે કિડનીનું કેન્સર થઈ શકે છે. કિડની કેન્સરના ચાર તબક્કા હોય છે. જેમાં પ્રથમ તબક્કામાં સાત સેન્ટિમીટર કે તેનાથી નાની ગાંઠ દેખાય છે, બીજા તબક્કામાં સાત સેન્ટિમીટરથી વધુની ગાંઠ હોય છે, ત્રીજા તબક્કામાં ગાંઠ શીરાઓમાં વિસ્તરે છે. જ્યારે ચોથો તબક્કામાં શરીરના અન્ય ભાગ જેમ કે આંતરડા-ફેફસાં-સ્વાદુપિંડુમાં ફેલાઈ શકે છે.

અમદાવાદ સિવિલ મેડિસિટીમાં આવેલી કેન્સર હોસ્પિટલના ડિરેક્ટર ડૉ. શશાંક પંડયાએ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૯થી વર્ષ ૨૦૨૪ દરમિયાન કિડનીના કેન્સરના ૧૦૫૨ કેસ સિવિલની કેન્સર હોસ્પિટલમાં નોંધાયા હતા. જેમાં ૭૪૨ પુરુષ અને ૩૧૦ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ૧૮૧ કેસ નોંધાયા તેમાં ૧૩૫ પુરુષ દર્દી હતા.

### રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ

# કચ્છના ભુજમાં ધોધમાર પાંચ ઇંચ વરસાદથી પૂરની સ્થિતિ

**ઉપરવાસના વરસાદને કારણે લીંબડી તાલુકાનું કમાલપુર ગામ સંપૂર્ણપણે સંપર્ક વિહોણું**

રાજકોટ, તા.૮

દ્વારકા પંથકને ધમરોળ્યા બાદ મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં કચ્છ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. ભુજમાં એક જ રાતમાં ધોધમાર પાંચ ઈંચ વરસાદ વરસતા પૂર જેવી સ્થિતિ સર્જાી હતી. જ્યારે દિવસ દરમિયાન ગાંધીધામમાં ૨.૨૮ ઈંચ અને કચ્છના વિવિધ વિસ્તારોમાં બે ઈંચથી લઈને અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં પોણા બે ઈંચથી લઈને છૂટાછવાયા ઝાપટા પડ્યા હતા.સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલ મુજબ ગત ૨૪ કલાક દરમિયાન સમગ્ર રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૦૯ તાલુકાઓમાં હળવાથી ભારે વરસાદ વરસ્યો છે. ભુજ શહેરમાં ગઈકાલે રાત્રે આઠ વાગ્યાથી શરૂ થયેલો વરસાદ પરોઢના ચાર વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો, જેમાં પાંચ ઈંચ વરસાદ નોંધાયો હતો. મુન્દ્રાનો ગજોડ ડેમ ઓવરફ્લો થયો છે. ભુજ તાલુકાની પાવરપટ્ટીના ગામોની સિંચાઈ માટે મહત્વનો ઝુરાનો કાયલા ડેમ પણ છલકાયો છે.માંડવીનો વિજયસાગર ડેમ છલકાઈ ગયો છે. પદમપુરનો વેગડી ડેમ અને અબડાસાનો કંકાવટી ડેમ પણ ઓવરફ્લો થયા છે. આજે દિવસ દરમિયાન કચ્છમાં સૌથી વધુ વરસાદ ગાંધીધામમાં ૨.૨૮ ઈંચ નોંધાયો હતો. જ્યારે ભચાઉમાં ૧.૮૯ ઈંચ, અંજારમાં ૧.૩૪ ઈંચ, નખત્રાણામાં ૦.૯૪ ઈંચ, અબડાસામાં ૦.૫૯ ઈંચ, અને લખપતમાં ૦.૫૫ ઈંચ વરસાદ વરસ્યો છે. કચ્છની રણની ધરતીમાં પાણી જમીનની અંદર ઉતરતું ન હોવાથી અહીં વરસાદમાં ભારે પૂર આવી જાય છે.બીજી તરફ, ઉપરવાસના વરસાદને કારણે સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકાનું કમાલપુર ગામ સંપૂર્ણપણે સંપર્કવિહોણું બની ગયું છે. લીંબડી અને ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે ગામની ચારે તરફ પાણી ફરી વળ્યા છે. કમાલપુર ગામને જોડતા મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતા સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. આ સિવાય સૌરાષ્ટ્રમાં ભાવનગરના સિહોરમાં આજે ૧.૭૩ ઈંચ વરસાદ વરસ્યો છે, જેના કારણે પંથકના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં ૧.૭૩ ઈંચ તથા દ્વારકા શહેરમાં ૦.૩૯ ઈંચ વરસાદ નોંધાયો છે. મોરબીમાં ૦.૬૭ ઈંચ જ્યારે જામનગરના લાલપુર તાલુકામાં ૦.૫૫ ઈંચ વરસાદ નોંધાયો છે. જૂનાગઢ જિલ્લામાં વંથલીમાં ૦.૩૧ ઈંચ જ્યારે અન્યત્ર છૂટાછવાયા ઝાપટા વરસ્યા. આ ઉપરાંત રાજકોટ સહિતના વિસ્તારોમાં પણ છૂટાછવાયા ઝાપટા નોંધાયા છે.

### મિટિંગમાં વિદ્યાર્થીઓના ખુલાસા બાદ તપાસનો ધમધમાટ

# ભેંસાણમાં સંકુલના આચાર્ય-શિક્ષક પર બાળકો સાથે અશ્લીલ કૃત્યનો આરોપ

**હાલમાં બંને આરોપી પ્રિન્સિપાલ અને શિક્ષકને સંકુલમાંથી દૂર કરી ભેંસાણ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે**

જૂનાગઢ, તા.૮

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાં આવેલી એક ખાનગી શાળાના પ્રિન્સિપાલ અને સંસ્કૃતના શિક્ષક પર ૨૫થી વધુ વિદ્યાર્થીઓ સાથે અભદ્ર કૃત્ય આચર્યાનો આરોપ લાગ્યો છે. આ મામલે પોલીસે તાત્કાલિક બંનેને બોલાવી પૂછપરછ હાથ ધરી છે. શિક્ષણ વિભાગ દ્વારા પણ આ ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે.વાલી મિટિંગ દરમિયાન વિદ્યાર્થીઓએ આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ઘણા દિવસોથી મોડી રાત્રે પ્રિન્સિપાલ અને શિક્ષક તેમને રૂમમાં બોલાવી કપડાં ઉતરાવતા અને અન્ય અભદ્ર કૃત્યો કરતા હતા. એક વિદ્યાર્થીએ તો એમ પણ કહ્યું હતું કે આ સંસ્થાના ૨૦થી ૨૫ વિદ્યાર્થીઓ સાથે આવી ઘટના બની છે.આ સમગ્ર ઘટનાને પગલે વાલીઓ ભેંસાણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા, પરંતુ કોઈ ઔપચારિક પોલીસ ફરિયાદ નોંધાઈ નથી.ભેંસાણના પીઆઈ આર.બી. ગઢવીએ સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, ''વાલીઓ ફરિયાદ કરવાની ના પાડી રહ્યા હોવા છતાં, પ્રિન્સિપાલ અને શિક્ષકને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે. જો ગુનાની પુષ્ટિ થશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.''જિલ્લા બાળ સુરક્ષા વિભાગના લીગલ ઓફિસર કિરણબેન રામાણીએ પણ સંસ્થાની મુલાકાત લઈ તપાસ કરી હતી. તેમણે સ્થાનિક મીડિયાને જણાવ્યું હતું કે, ''આજે સવારે અમારી કચેરીને ફોન આવ્યા બાદ હું અહીં પહોંચી હતી. મેં વાલીઓ, વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ અને વહીવટદારો સાથે વાતચીત કરી. ૨૦-૨૫ વિદ્યાર્થીઓ સાથે આવી ઘટના બની હોવાના આરોપો છે. એક બાળકની માતાએ સ્પષ્ટપણે કહ્યું કે તેના બાળક સાથે પણ અભદ્ર કૃત્ય થયું છે. આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાએ જણાવ્યું હતું કે, ''આજે સવારે ઘટના અંગે જાણ થતાં જ અમારા અધિકારીને ઘટનાસ્થળે મોકલી દેવામાં આવ્યા છે. હાલ જિલ્લા શિક્ષણ વિભાગની સંપૂર્ણ ટીમ સંકુલમાં તપાસ કરી રહી છે. જો વાલીઓ ફરિયાદ નહીં કરે તો જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર સત્યતા જાણ્યા બાદ ફરિયાદ કરવામાં આવશે.'' હાલમાં બંને આરોપી પ્રિન્સિપાલ અને શિક્ષકને સંકુલમાંથી દૂર કરી ભેંસાણ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે. જિલ્લા બાળ સુરક્ષા વિભાગ, બાળકલ્યાણ સમિતિ, જિલ્લા શિક્ષણ વિભાગ અને પોલીસ વિભાગની ટીમ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

### ૧૦ થી ૧૪ જૂલાઈ ભારે વરસાદની શક્યતા

# રાજ્યના ૧૭ જિલ્લામાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદની આગાહી

**ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન,ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે**

અમદાવાદ,તા.૮

રાજ્યમાં આજે અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. રાજ્યના ૧૭ જિલ્લાઓમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ રહેશે.

જ્યારે અમદાવાદ, ગાંધીનગરમાં આજે મધ્યમ વરસાદ રહેશે. સાયક્લોનિક સર્ક્યુલેશન,ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે, ૧૦ થી ૧૪ જૂન રાજ્યમાં ભારે વરસાદની શક્યતા છે.ગુજરાતમાં આજે ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ રહેશે, નર્મદા, સુરત, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી, તાપી, વડોદરા, છોટા ઉદેપુરમાં ભારે વરસાદ રહેશે. ભરૂચ, દાહોદ, પંચમહાલ, ડાંગમાં ભારે વરસાદની શક્યતા, અમરેલી, ભાવનગર, બોટાદના ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જ્યારે અમદાવાદ,ગાંધીનગરમાં આજે મધ્યમ વરસાદ રહેશે. ગુજરાતમાં સાયક્લોનિક સર્ક્યુલેશન,ટ્રફના કારણે ભારે વરસાદ રહેશે. ૧૦ થી ૧૪ જૂન રાજ્યમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદ થશે. ૩૦થી ૪૦ કિ.મી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના અપાઈ છે.

રાજ્યમાં એક સાથે ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી આગાહી કરાઈ છે.

### સૈફ અને અક્ષય કુમાર ૧૭ વર્ષે સાથે આવવાના હોવાથી દર્શકો ઉત્સાહીત

# અક્ષય કુમાર અને સૈફ અલી ખાન પ્રિયદર્શનની હૈવાનમાં સાથે જોવા મળશે

મુંબઈ, તા.૮

અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની થ્રિલર ફિલ્મની જાહેરાત થતાં જ સોશિયલ મીડિયા પર આ ખબર છવાઈ ગઈ છે. તેમની બંનેની લાંબા સમય પછી એકસાથે ફિલ્મ આવી રહી છે, 'હૈવાન'. આ શબ્દનો અર્થ રાક્ષસ થાય છે, તેના પરથી જ આ ફિલ્મ એક ગંભીર, ઉગ્ર અને જકડી રાખે એવી ફિલ્મ, તેમજ થિએટરમાં જોવાનો એક અલગ અનુભવ પુરો પાડે એવી ફિલ્મ હોવાનો અંદાજ આવે છે. તેથી બોક્સ ઓફિસ પર પણ આ ફિલ્મ સારી ચાલશે એવી અપેક્ષા છે.સૈફ અને અક્ષય કુમાર ૧૭ વર્ષે સાથે આવવાના હોવાથી દર્શકો ઉત્સાહીત છે, આ પહેલાં તેમની બંનેની ફિલ્મ 'ટશન' ૨૦૦૮માં આવી હતી. બીજી મહત્વની વાત એ છે કે આ ફિલ્મ પ્રિયદર્શન ડિરેક્ટ કરશે, જેઓ 'હેરા ફેરી ૩' પણ ડિરેક્ટ કરી રહ્યા છે. આ એક એવી થ્રિલર ફિલ્મ હશે, જેમાં બંને કલાકારોની અલગ સ્ટાઈલ અને એનર્જી યોગ્ય ઉપયોગ થઈ શકશે.સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ફિલ્મનો વિષય અને શૈલીનો અંદાજ આવી શકે તે માટે ફિલ્મનું નામ કાળજીપૂર્વક નક્કી કરાયું છે. તેમણે આગળ જણાવ્યું, ''ટીમને લાગ્યું કે આ નામથી તેમના વિષય અંગે બહુ સારી રીતે અંદાજ આવે છે અને એ પણ દર્શાવે છે કે પ્રિયદર્શન એમાં શું કરવા માગે છે. તેઓ એક એવી થ્રિલર ફિલ્મ બનાવવા માગે છે, જે દર્શકોને જકડી રાખશે. અન્ય શીર્ષક પર પણ ચર્ચા થઈ હતી, પરંતુ આ નામ સર્વાનુમતે નક્કી થયું હતું, જેમાં આ પાત્ર લીડ એક્ટર્સ દ્વારા જ કરાશે.''આ ફિલ્મનું કામ આવતા વર્ષે ઓગસ્ટ મહિનામાં શરૂ થશે, આ પહેલાં અક્ષય પ્રિયદર્શન સાથે ભૂતબંલામાં કામ કરી ચૂક્યો છે અને હેરા ફેરી ૩માં પણ કરશે. જો સૈફ અલી ખાનની વાત કરવામાં આવે તો તેણે તાજેતરમાં જ્વેલ થીફ – ધ હાઈસ્ટ બિગીન કરી છે. આમ બે જાણીતા કલાકારો અને ડિરેક્ટર સાથે આ ફિલ્મ કસપ્રદ હશે એવી આશા છે.

# અમરેલી શહેર પાલિકા દ્વારા માર્ગ મરામતની કામગીરી શરૂ






રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો અને માર્ગદર્શન અંતર્ગત રાજયના નાગરિકોને ચોમાસાદરમિયાનમાર્ગોપરઅગવડનપડે તેમાટેમરામતનીકામગીરીતાકીદેશરૂકરવા સૂચનાઆપવામાંઆવીછે.આકામગીરીના ભાગરૂપેઅમરેલીશહેરમાંવિવિધમાર્ગોના મરામતની કામગીરી અમરેલી નગરપાલિકાદ્વારાહાથધરવામાંઆવતાઆ કામગીરી પ્રગતિ હેઠળ છે. અમરેલી નગરપાલિકાવિસ્તારમાંએમ.બીચોક, ડો. પરમારનીહાસ્પિટલપાસે, લાઠીરોડ, રોયલ પાર્ક તેમજ અન્ય રાજમાર્ગો પર જરૂરી મરામત કામ કરવામાં આવી રહી છે. વરસાદના કારણે માર્ગો પર પડતા ખાડાનું મરામત કામ સત્વરે કરી અને માર્ગો પર વાહનોની અવરજવર સરળતાથી થઈ શકે તેહેતુથીઆ કામગીરીસત્વરે પૂર્ણકરવામાં આવી રહી છે. આ ઉપરાંત રૂટિન વિકાસ કાર્યોના ભાગરૂપે શહેરના વોર્ડ નં. ૧માં આવેલા અલીફનગરમાં નવા સી.સી. રોડ બનાવવામાટેનીકામગીરીપ્રગતિહેઠળ છે, તેમ અમરેલી નગરપાલિકા ચીફ ઓફિસરએએકયાદીમાંજણાવ્યુંછે.

પાના ૮ ઉપરનું ચાલું **ખોડિયાણા ગામે ૧૨૫ વિદ્યાર્થીઓ વચ્ચે**

તાલુકાના ખોડિયાણા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૮નાં કુલ ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ વચ્ચે ઘણાં જ સમયથી એકમાત્ર શિક્ષક હોય આ અંગે ગામના આગેવાનોએ તંત્રને અનેક રજૂઆતો કરવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષકોની નિમણૂંક થતી ના હોય, માત્ર શિક્ષણ વિભાગની લાલીયાવાડીના કારણે ભણશે ગુજરાતના સ્લોગનો માત્ર કાગળ પર સીમિત રહેવા પામેલ છે.

ત્યારે આજે શાળામાં આવેલા સી.આર.સી. સામે વાલીઓએ વિદ્યાર્થીના ભાવિ માટે અનેક પ્રશ્ન ઉભા કર્યા છે. ત્યારે શિક્ષકોની ભરતી કયારે કરાશે, સરકારી સ્કૂલના બાળકોના ભવિષ્ય અંગે ચિંતા વ્યકત કરતાં વાલીઓએ આખરે આ સ્કૂલને તાળાબંધી કરી હતી અને જયાં સુધી આ સ્કુલમાં ધોરણ ૧ થી ૮માં પુરતા શિક્ષકો નહીં મુકાઈ ત્યાં સુધી શાળાને તાળાબંધી રાખવાનો નિર્ણય કરતાં જિલ્લાભરના શિક્ષણ વિભાગમાં ચકચાર મચી જવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું **આરોપીને ૭ વર્ષની સખત કેદ**

બનાવમાં આઈ.પી.સી. કલમ–૩૭૬, ૩૭૬ (૩), ૩૭૬ (૨) (એન), ૩૭૬ (૨)(જે). તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮, ૧૦. મુજબનો ગુન્હો બનતો હોય તો આ કામની મુળ એફઆઈઆરમાં આઈ.પી.સી. કલમ–૩૭૬, ૩૭૬(૩), ૩૭૬(૨) (એન), ૩૭૬ (૨) (એન), ૩૭૬(૨) (જે) તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮, ૧૦ મુજબની કલમનો ઉમેરો થવા પામેલ હતો.

આ અંગેનો કેસ અમરેલીના એડી.સેશન્સ અને સ્પે.પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલો તથા પુરાવા રજુ કરતાં સ્પે. ન્યાયાધીશ ડી.એસ. વાસ્તવ દ્વારા આરોપી રમેશ કેશવભાઈ પડાયા ઉર્ફે આર.કે. (ઉ.વ. પર) વાળાને આઈપીસી ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા પચાર હજાર દંડ તથા આઈ.પી.સી. તથા આઈ.પી.સી. કલમ–૩૭૬, ૩૭૬(૨) (એન), ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટ કલમ–૪,૬,૮,૧૦ તથા ૧૮માં કસુરવાર ઠરાવી આજીવન કેદ (જિંદગીના છેલ્લા શ્વાસ સુધીની) સજા તથા રૂપિયા ૧ લાખના દંડની સજાનો હુકમ કરેલ છે. જયારે ભોગ બનનારને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશનો હુકમ કરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૬૮ | ૧૦૪૨ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૨ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૧ | ૧૫૫૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૧૨ |
| ૫ | તલ સફેદ | ૧૧૬૦ | ૨૧૫૦ |
| ૬ | તલ કાળા | ૨૧૪૦ | ૩૭૯૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૪૮૦ | ૨૪૧૬ |
| ૮ | બાજરો | ૩૦૪ | ૩૩૪ |
| ૯ | જુવાર | ૪૨૫ | ૭૬૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૬ |
| ૧૨ | મકાઈ | ૫૧૫ | ૫૧૫ |
| ૧૩ | મગ | ૯૫૦ | ૧૫૦૫ |
| ૧૪ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | ચણા | ૯૦૦ | ૧૧૨૩ |
| ૧૬ | તુવેર | ૮૧૦ | ૧૨૩૦ |
| ૧૭ | કપાસ | ૮૬૫ | ૧૬૫૨ |
| ૧૮ | એરંડા | ૧૨૦૧ | ૧૩૦૫ |
| ૧૯ | જીરૂ | ૩૩૭૦ | ૩૭૨૦ |
| ૨૦ | ધાણી | ૧૦૭૦ | ૧૩૦૮ |
| ૨૧ | મેથી | ૭૧૫ | ૮૬૫ |
| ૨૨ | સોયાબીન | ૭૦૨ | ૮૦૯ |

પાના ૮ ઉપરનું ચાલું **દામનગરમાં પાલિકાનાં શાસકો દ્વારા**

નથી પણ સત્તાના મદમાં ભાન ભુલી મનમાની કરતા શાસકોએ સમાન ધોરણે સફાઈ કરાવવી જોઈએ સફાઈ કામદારોનો પણ દુર ઉપયોગ કરતા સત્તાધીશોએ શહેરથી બહાર આર એન્ડ બીજગ્યાકેનદીનાળાઓનાપટમાંબાવળ કેઝાડીજાખરાદુર કરવા લાખો રૂપિયાનું ડીઝલ અને માનવ શ્રમનો વ્યય બંધ કરી શહેરની આંતરિક સફાઈ સેવા ઉપર ધ્યાન આપવું જોઈએ.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીમાં 3 સ્થળોએથી દબાણ**

ખડકાયેલા બાંધકામ પર આજે પોલીસ બંદોબસ્ત સાથે દાદાનું બુલડોઝર ચાલતા ગેરકાયદેસર દીવાલ સાથે કરાયેલ બાંધકામ તંત્રએ તોડી પાડયું હતું. આ ડિમોલેશનમાં પોલીસ, પીજીવીસીએલ સાથે વહીવટી તંત્ર પણ જોડાયું હતું.

પ્રથમ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી શહેરના કુંકાવાવ જકાત નાકા નજીક પુનાભાઈ જોગસવાએ કોર્નરની ૩૧૦ મીટર જગ્યા પર ગેરકાયદેસર બાંધકામ ખડકી દીધું હતું. આ ગેરકાયદે કરાયેલા બાંધકામ પર આજે શહેર પોલીસના બંદોબસ્ત સાથે વહીવટી તંત્રનું બુલડોઝર ફરી વળતા ગેરકાયદેસર ઉભી કરાયેલ દીવાલ સાથે અન્ય કરાયેલ બાંધકામ વહીવટીતંત્રએ તોડી પાડયું હતું અને તમામ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ ડિમોલિશનમાં પોલીસ, પીજીવીસીએલ સાથે વહીવટી તંત્ર પણ જોડાયું હતું.

બીજા બનાવમાં બપોરે અમરેલીના ધર્મેશ ઉર્ફે ધમો ધર્મેન્દ્ર મનુભાઈ વાળાએ અમરેલી નજીક આવેલ રોકડીયાપરા ખાતે આવેલ સરકારી જમીન ઉપરનું ગેરકાયદેસર રહેણાંક મકાન તથા એક દુકાન ૧૮×૧૮ ફુટની તોડી પાડી દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી.

જયારે ત્રીજા બનાવમાં અમરેલીના રોકડીયાપરા લક્ષ્મીનારાયણ નગરમાં રહેતા જીતુભાઈ લખુભાઈ ખાખડીયાએ રોકડીયાપરા ખાતે આવેલ સરકારી જમીન ઉપરની આદેશ પાન નામની એક ગેરકાયદેસર દુકાન આશરે ૧૮×૧૮ ફુટની તોડી પાડી તે દબાણ દુર કરવાની પણ કાર્યવાહી કરી હતી. ગેરકાયદેસર કરાયેલ બાંધકામ વહીવટીતંત્રએ તોડી પાડયું હતું અને તમામ જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ ડિમોલિશનમાં પોલીસ, પીજીવીસીએલ સાથે વહીવટી તંત્ર પણ જોડાયું હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૦ | ૧૬૪૪ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૭૦ |
| ૩ | મગફળી | ૧૦૩૫ | ૧૦૭૫ |
| ૪ | જીરૂ | ૨૯૧૦ | ૩૭૪૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૦૫ | ૧૯૫૫ |
| ૭ | ચણા | ૧૦૬૨ | ૧૦૯૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૨ | શીંગ દાણા | ૧૦૦૦ | ૧૩૩૩ |
| ૩ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૮૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૮૦૦ |
| ૫ | જીરૂ | ૩૨૦૦ | ૩૭૯૦ |
| ૬ | કપાસ | ૧૪૫૦ | ૧૬૨૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૪ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૦૨ |
| ૧૦ | મગ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | એરંડી | ૯૫૦ | ૧૦૫૦ |
| ૧૪ | સોયાબીન | ૭૧૦ | ૭૭૪ |

## જાફરાબાદના ઈન્ચાર્જ ટીડીઓની બદલી કરો : કોંગી અગ્રણી ટીકુભાઈ

જાફરાબાદ, તા. ૮

જાફરાબાદ તાલુકા પંચાયતનાં ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી નૌશાદ અલી તાલાજીયા છેલ્લા બે વર્ષથી ફરજ બજાવે છે પરંતુ અધિકારી જાફરાબાદના અરજદારો સાથે મનમાની કરી અને પક્ષપાતી વલણ કરે છે. અને નરેગા બાંધકામ જેવા વિભાગમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહયો છે. અને નાના માણસોને ઓફિસની અંદર આવવા દેતા નથી અને પોતાની મનમાની પ્રમાણે વહીવટ કરી રહયા હોય અને વાલા દવલાની નીતિ કરી રહયા હોય આ બાબતે અમરેલી જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ વિકાસ કમિશનરને રજુઆત કરી અને તાત્કાલિક ધોરણે ચાર્જ મુકત કરવા માંગણી કરેલ છે.

## સાવરકુંડલા કબીર ટેકરી ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવાશે

સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલા ખાતે આવેલી કબીર સંપ્રદાયની ધાર્મિક સંસ્થા કબીર ટેકરી ખાતે આવતી તા. ૧૦/૭ અને ગુરૂવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ ભાવપૂર્વક ઉજવવામાં આવશે. અહીં સવારે ૭ કલાકે ગુરૂ મહિમા અને ભાવ વંદના ૮ કલાકે પુજન કીર્તન અને ત્યારબાદ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે સમગ્ર સેવક પરિવાર માટે સાંજના ૬ વાગ્યાથી સમુહ પ્રસાદ ભોજનનું આયોજન કરવામાં આવ્યું છે. દિવસભરના તમામ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા પધારવા કબીર ટેકરીના મહંત નારણદાસ સેવક સમુહદાયને આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૭૮૦ | ૭૮૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૭૦ | ૪૭૦ |
| ૩ | ચણા | ૧૦૫૦ | ૧૧૩૦ |
| ૪ | તુવેર | ૯૨૬ | ૯૨૬ |
| ૫ | તલ સફેદ | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૬ | તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૭ | ધાણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૮ | મગ | ૧૨૬૫ | ૧૨૬૫ |
| ૯ | ફાડા | ૧૧૭૦ | ૧૩૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૧૧ | ૭૧૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૯૦ | ૪૯૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૬ | ૪૭૫ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૭૫ | ૧૮૩૦ |
| ૬ | સોયાબીન | ૭૧૫ | ૭૯૫ |
| ૭ | મગ | ૧૧૫૦ | ૧૪૩૫ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૩૭૦ |
| ૯ | એરંડી | ૧૧૦૦ | ૧૧૧૫ |
| ૧૦ | તુવેર | ૧૧૪૦ | ૧૨૭૫ |
| ૧૧ | ધાણા | ૧૧૫૫ | ૧૨૩૫ |
| ૧૨ | ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | જુવાર | ૭૦૦ | ૭૪૦ |
| ૧૪ | ડુંગળી | ૧૫૦ | ૧૮૦ |

## ધારી : કેસરી સદન ખાતે કોન્ફરન્સ રૂમનું થયુ લોકાર્પણ



અમરેલી, તા. ૮

ધારીગીર પૂર્વવનવિભાગના નવાબનાવાયેલાકેસરીસદનખાતેકોન્ફરન્સ રૂમનુંલોકાર્પણજુનાગઢસર્કલનાસી.એફ. રામ રતન નાલાના વરદ હસ્તે કરવામાં આવેલહતું.આપ્રસંગેજૂનાગઢવનવિભાગ સર્કલના તમામ ડિવિઝનના નાયબ વન સંરક્ષણ તેમજ એ.સી.એફ. તેમજ આર.એફ.ઓ.ની એક મીટીંગ જૂનાગના સીએફ રામ રતન નાલાની અધ્યક્ષતામાં મળેલ પણ મળેલ હતી.

આ યોજાયેલ મિટિંગમાં આવનારા સમયમાં વિ સિંહ દિવસની ઉજવણી ભવ્યથી ભવ્ય રીતે ઉજવવામાં આવે તે માટે થઈ માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ કાર્યક્રમનું સમગ્ર આયોજન ધારીના નાયક વન સંરક્ષણ વિકાસ યાદવ આઈ.એફ.એસ.ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે. ગામ **દેવળીયા મોટા** ની ખેતીની જુની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| રમેશભાઈ ભીમજીભાઈ કાનાણી **રે. દેવળીયા મોટા** | ૧૧૬૮ | ૧૪૩ પૈકી ૪ | ૧–૦૫–૨૨ | ૬.૩૫ |

સદરહું ખેતીની જમીન ઉપરોકત વિગતે **રમેશભાઈ ભીમજીભાઈ કાનાણી,** ની સ્વતંત્ર માલિકી, કબ્જા અને ભોગવટાની આવેલ છે. જે સદરહું ખેતીની જમીન મારા અસીલ **સુરાણી ભીખાભાઈ મોહનભાઈ રહે. સરદારપર, તા. ભેસાણ, જિ. જુનાગઢ** વાળાએ ખરીદ કરવાનું નકકી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ – ૭ (સાત) મા સદરહું ખેતીની જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લીયન વારસાઈ હકક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષીસ, વેચાણ, સાટાખત, હકક અધિકાર, ભરણપોષણનો હકક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હકક, હિત, હિસ્સો હશે તે જતો કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુધ્ધિના ખરીદનાર તરીકે વેચાણ વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધાઓ મારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

તારીખ :– ૦૮/૦૭/૨૦૨૫
ઓફીસ, મર્કેનટાઈલ બેંક નીચે
મામલતદાર ઓફીસ સામે, મુ. બાબરા.
જિ. અમરેલી, મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
**(એડવોકેટ & નોટરી)**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૦ | ૧૦૪૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૯૮ | ૧૮૮૦ |
| ૩ | તલ પીળા | ૧૯૨૦ | ૧૯૨૦ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૪૬૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૯૧ |
| ૭ | જુવાર | ૬૨૫ | ૮૩૭ |
| ૮ | મગ | ૧૪૨૨ | ૧૪૫૦ |
| ૯ | અડદ | ૧૨૯૧ | ૧૨૯૧ |
| ૧૦ | તુવેર | ૧૧૫૧ | ૧૧૫૧ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ૧૩ | રાય | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | ચોળી | ૬૫૦ | ૧૦૦૦ |

# કુંકાવાવ–વડીયાના દેવગામ, સારિંગપુર ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ આપવામાં આવી






જિલ્લાના કુંકાવાવ–વડીયા તાલુકાના દેવગામ અને સારિંગપુર ગામના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવામાટેપ્રેરિતકરવામાંઆવ્યા હતા. આત્મા પ્રોજેકટ દ્વારા અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંતર્ગતસમયાંતરે તાલીમનુંઆયોજન હાથધરવામાંઆવેછે. પરંપરાગતખેત પદ્ધતિથી ખેતી કરતા ખેડૂતો ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ખેડૂતોને વિગતો માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. કુંકાવાવ–વડીયાના ગ્રામ્યવિસ્તારોમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના જીવામૃત, બીજામૃત, ઘનજીવામૃત, અચ્છાદન અને વાપ્સા સહિત મુખ્ય પાંચ આયામ વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ ઉપરાંત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોનું વેચાણ– માર્કેટિંગ વિશે પણ વ્યાપક સમજ આપવામાં આવી હતી. રાષ્ટ્રીયપ્રાકૃતિકકૃષિમિશન અંતર્ગતનોનમિશનકલસ્ટરતાલીમમાં ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે, રાજયના ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિને લઈને જનજાગૃત્તિ વધે અને ખેડૂતો પ્રાકૃતિક કૃષિ માટે આગળ આવે તો કૃષિક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તન લાવી શકાય છે. રસાયણમુકત ખેતી થતાં જમીનની ક્ષમતામાં પણ વધારો થશે, તેમ અમરેલી જિલ્લા આત્મા પ્રોજેકટ નિયામકએએકયાદીમાંજણાવ્યુંછે.

# અમરેલી ખાતે બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાના ૬૯ નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક પત્ર એનાયત



અમરેલી, તા. ૮

રાજય સરકારના શિક્ષણ વિભાગ ધ્વારા શિક્ષકોની ભરતી – ૨૦૨૪ અંતર્ગત રાજયની બિનસરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નવનિયુક્ત શિક્ષકોને અમરેલી ખાતે નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લામાં નિમણૂક પામેલા ૬૯ શિક્ષકોને નિમણૂકપત્રો આ સમારોહમાં આપવામાં આવ્યા હતા. નિમણૂક મેળવનાર તમામ શિક્ષકોને બિનસરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણતા તમામ વિદ્યાર્થીઓના ભવિષ્યઘડતર, સંસ્કારોના સિંચન સાથે વિદ્યાર્થીઓના સમગ્ર ઘડતર સાથે સફળતા પ્રાપ્ત થાય તે માટે અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

શૈક્ષણિક ગુણવત્તા વધારવાના સંકલ્પ સાથે શિક્ષણ વિભાગે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. અગાઉ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૫૬ શિક્ષકઓને અમરેલી ખાતે નિમણુક પત્રો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અમરેલી જિલ્લા શિક્ષાધિકારી એમ.બી. ગોહિલ, ઈ.આઈ. ભાવનાબેન પટેલ, અમરેલી જિલ્લા ભરતી નોડલ અધિકારી આશિષભાઈ જોષી, સંચાલક મંડળ પ્રમુખ અરૂણભાઈ પટેલ, આચાર્યસંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, ઉચ્ચત્તર માધ્યમિક સંઘના પ્રમુખ તુલસીભાઈ મકવાણા, રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘ આચાર્ય તથા ઉચ્ચ માધ્યમિક સંઘ પ્રમુખ કેશવાલા રામ તેમજ મનિષભાઈ સિધ્ધપુરા, આચાર્ય અરૂણાબેન માલાણી, કૈલાશબેન મકવાણા (એ.ઈ.આઈ.), હિરલબેન, ચૌહાણભાઈ, જયેશભાઈ પરમાર, કચેરીના માધ્યમિક શાખાના કર્મયોગી સર્વ, જોટંગિયાભાઈ, વાઘેલાભાઈ તથા કોલડિયાભાઈ તેમજ કચેરીના વિવિધ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. તેમ અમરેલી જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલીમાં કોમી એકતાનો અનોખો નઝારો જોવા મળ્યો



અમરેલી, તા. ૮

અમરેલીમાં મહોરમના પવિત્ર અવસરે કોમી એકતાનો અનોખો દ્રશ્ય જોવા મળ્યો. ઈમામ હુશેનની શહાદતની યાદમાં મુસ્લિમ સમાજ ધ્વારા પરંપરાગત રીતે માતમ મનાવવામાં આવ્યો. આ પ્રસંગે હિંન્દુ સમાજના આગેવાનો પણ સહભાગી બન્યા અને સમાજને એકતાનો સંદેશ આપ્યો.

પરબ ધામના લઘુમહંત સનાતનદાસ બાપુ ખાસ આમંત્રિત તરીકે હાજર રહ્યા. તેઓને અમરેલીના પીર તરીકત દાદા બાપુ ચિસ્તી ધ્વારા ફૂલહાર કરી અને ચાદર ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે હિન્દુ–મુસ્લિમ ભાઈચારાનો સુંદર દ્રશ્ય સર્જાયો હતો. સાથે બાબરા, સાવરકુંડલા, ગઢડાથી જુદા જુદા લોકોએ ચોકારો લીધેલ અને અખાડાના સ્ટંટ કરવામાં આવેલ. મહોરમના તમામ કાર્યક્રમોનું આયોજન દાદબાપુ કાદરી ખડપીઠ વાળા તથા દાદાબાપુ ચિસ્તી ધ્વારા કરવામાં આવ્યું હતું. માતમ, તજિયા અને શોકસભા જેવી પરંપરાગત વિધિઓ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ. આ તકે DySP દેશાઈ. સીટી પીઆઈ વાઘેલાનુ તાજીયા કમીટી ધ્વારા સન્માનભેર સ્વાગત કરવામાં આવેલ હતું. મહોરમમા કાયદો વ્યવસ્થા જાળવવા બદલ અભિનંદન પાઠવેલ હતા. સમાજના વિવિધ વર્ગના લોકોએ પરસ્પર સ્નેહ અને સહયોગથી આ કાર્યક્રમ સફળ બનાવ્યો, જે અમરેલી માટે ગૌરવની વાત છે.

### શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં

# સાવરકુંડલા : ગરીબ વૃધ્ધાનું થાઈરોઈડ નુ સફળ ઓપરેશન

## આરોગ્ય કેન્દ્રની સેવાની સુવાસથી સૌ પરિચિત



સાવરકુંડલા, તા. ૮

મહારાષ્ટ્રથી આવેલ એક ૭૫ વર્ષીય આર્થિક રીતે વંચિત વૃધ્ધ મહિલાએ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર, સાવરકુંડલા ખાતે ગળામાં દુખાવો અને સોજાની તકલીફ સાથે સારવાર માટે સંપર્ક કર્યો હતો. તપાસ દરમિયાન કરાયેલા સિટી સ્કેનમાં થાયરોઈડ ગ્રંથિમાં વિશાળ અને ડિફ્યુઝ ગોઈટર સાથે થાયરોઈડાઈટિસ હોવાની પુષ્ટિ થઈ. સારવારના ભાગરૂપે ENT સર્જન ડો. હેપ્પી પટેલ અને જનરલ સર્જન ડો. પ્રકાશ પટેલે ટોટલ થાઈરોઈડેકટોમિ (થાઈરોઈડ ગ્રંથિને સંપૂર્ણપણે દૂર કરવાનું ઓપરેશન) કરવાની સલાહ આપવામાં આવી.

આજ રોજ દર્દીનારાયણનું ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. ઓપરેશનની સમગ્ર પ્રક્રિયા સલામત રીતે અને નિષ્ણાતોની ટીમ ધ્વારા સંભાળવામાં આવી. એક સામાન્ય લાગતું ઓપરેશન પણ જયારે અનુભવ અને સમર્પણ સાથે થાય, ત્યારે તે અસાધારણ બની જાય છે. ડો. હેપ્પી પટેલ અને ડો. પ્રકાશ પટેલની સર્જિકલ કુશળતા, ડો. સોની અને ડો. હડિયાની સતત દેખરેખે આ ઓપરેશનને સરળ બનાવી દીધું. સાથે જ ઓટી સ્ટાફ શૈલેષભાઈ, મનોજભાઈ અને રેખાબેનના સંયમ અને સહકારથી ઓપરેશન એક સંકલિત પ્રયાસનું શ્રેષ્ઠ ઉદાહરણ બની ગયું. ઓપરેશન બાદ દર્દીની હાલત સ્થિર છે અને તેમને નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે.

આ પ્રસંગે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ધ્વારા જરૂરતમંદ દર્દીઓને ગુણવત્તાસભર અને માનવતાવાદી સેવા આપવા માટેના પ્રયાસોને વધુ એક સફળતા મળી છે. હવે વાત કરીએ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની તો અહીં આવતાં તમામ દર્દીઓને નારાયણનું સ્વરૂપ સમજી સસ્મિત દર્દીઓની સેવા કરવામા આવી રહી છે. આ હોસ્પિટલમાં કેશ કાઉન્ટર નથી. એટલે તમામ પ્રકારની ઉપલબ્ધ સુવિધાઓ વિનામૂલ્યે પ્રદાન કરવામાં આવે છે. આ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડેન્ટ ડો. પ્રકાશ કટારીયા, અશોકભાઈ ડાભી, અમિતભાઈ જોષી સમેત તમામ કર્મચારીગણ દર્દીઓની આરોગ્ય લક્ષી ઉત્કૃષ્ટ સેવા માટે પ્રતિબધ્ધ હોય છે. તો પ. પૂ મોરારીબાપુના આશીર્વાદ સાથે આ હોસ્પિટલના પ્રમુખ હરેશભાઈ મહેતા, મંત્રી દિવ્યકાંતભાઈ સૂચક, સહમંત્રી ભરતભાઈ જોષી સમેત તમામ ટ્રસ્ટીગણ આ સંસ્થાની અવિરત પ્રગતિ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

### સગર્ભા અને ધાત્રી માતાઓને

# વડેરા ખાતે આયુષ્યમાન આરોગ્ય મંદિરમાં પોષણ કીટનુ વિતરણ

## ગામના સરપંચ સહિતનો સહયોગ રહયો



અમરેલી, તા. ૮

આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરા ખાતે ફયુચર ફાઉન્ડેશનના સહયોગથી વડેરા અને રંગપુર ગામની ૩૦ જેટલી વાડીવિસ્તારની સગર્ભા અને ધાત્રી માતાને પોષણ કીટ આપવામાં આવી તથા ૬ વાડી વિસ્તારની ધાત્રી માતાને બાળકને સુવડાવવા માટે ઘોડીયા આપવામાં આવ્યા. આ કાર્યક્રમમા ફયુચર ફાઉન્ડેશન તરફથી રમેશભાઈનો ખાસ સહયોગ મળેલ હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જીલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન વડેરા ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ ભરતભાઈ હપાણી, કમલેશભાઈ દેથળિયા, નરેશભાઈ સોજીત્રા, સતીસભાઈ દેવાણી, આયુષ્યમાન આરોગ્ય મંદિર વડેરાનો સ્થાનિક સ્ટાફ સપનાબેન રાણવા, કિરણબેન દુધાત, ડી. જી. રાજયગુરૂ, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવએ જહેમત ઉઠાવેલ.

### ગોપાલ ખેમકા હત્યાકાંડ

# પોલીસ એન્કાઉન્ટરમાં હથિયાર પુરા પાડનારો આરોપી વિકાસ ઠાર

## માલસલામી વિસ્તારના ગેરકાયદેસર રીતે હથિયારો ઉપલબ્ધ કરવાના વિકાસ ઉર્ફે રાજાને પોલીસે અથડામણમાં ઠાર માર્યો છે

બિહાર, તા. ૮

બિહારની રાજધાની પટનામાં ગોપાલ ખેમકા હત્યાકાંડને લઈને પટના પોલીસ અને એસટીએફએ શૂટપને હથિયાર પહોંચાડનાર આરોપીનું એક્રાઉન્ટર કર્યુ છે. માલસલામી વિસ્તારના ગેરકાયદેસર રીતે હથિયારો ઉપલબ્ધ કરવાનાપ વિકાસ ઉર્ફે રાજાને પોલીસે અથડામણમાં ઠાર માર્યો છેપોલીસ એક્રાઉન્ટરમાં ઠાર થનારો આરોપી હથિયાર બનાવવાનું કામ કરતો હતો. તેણે શૂટરને હથિયાર પહોંચાડ્યા હતા. દરોડા પાડવા દરમિયાન આરોપીએ પોલીસ પર ફાયરિંગ શરૂ કરી દીધું. જેના જવાબમાં પોલીસે ફાયરિંગ કર્યુ તો આરોપી ઠાર મરાયો. મહત્વનું છે કે ગોપાલ ખેમકા હત્યાકાંડની તપાસ પોલીસ રાજધાનીના સિટી વિસ્તાર સ્થિત માલ સલામી વિસ્તારમાં દરોડા પાડવા ગઈ હતી. આ દરમિયાન આરોપી અને પોલીસ વચ્ચે અથડામણ થયું. પોલીસને જાણ થઈ હતી કે આરોપી વિકાસ ઉર્ફે રાજા હથિયારોનું ગેરકાયદેસર વેચાણ કરે છે. પોલીસ તેના સ્થળ પર દરોડ કરવાની તૈયારી કરી રહી હતી. પોલીસને ધરપકડ કરાયેલા ઉમેશ યાદવે એક જાણકારી આપીને જણાવ્યું કે વિકાસ શું કરે છે અને ક્યાં કહે છે. વિકાસ ઉર્ફે રાજા પાસેથી હથિયારો ખરીદ્યા અને શૂટર ઉમેશ યાદવે ગોપાલ ખેમકાની ગોળી મારીને હત્યા કરી દીધી. માલ સલામી વિસ્તારમાં પટના પોલીસ અને એસટીએફની ટીમએ સંયુક્ત રૂપે દરોડા પાડવા ગઈ હતી. પોલીસને જોતા જ વિકાસ ઉર્ફે રાજાએ ફાયરિંગ કરયુ અને પોલીસે જવાબી કાર્યવાહી કરતા તે ઠાર મરાયો. ઉલ્લેખનીય છે કે શનિવારે રાત્રે ૧૧.૩૦ કલાકે રાજ્યના બહુચર્ચિત કારોબારી ગોપાલ ખેમકાની તેના ઘરના ગેટ પર જ ગોળી મારીને હત્યા કરાઈ હતી. આ મામલે પોલીસે અનેક લોકોને કસ્ટડીમાં લીધા છે. પોલીસે હત્યાકાંડને અંજામ આપનાપ શૂટર ઉમેશ યાદવની પણ ધરપકડ કરી છે.

### કુલદીપ યાદવ ત્રીજી ટેસ્ટમાં પણ નહીં રમે?

# એજબેસ્ટનની જીત હંમેશા મારી યાદોમાં રહેશે : ગિલ

## જે રીતે બધાએ બોલ અને બેટથી યોગદાન આપ્યું તે ખૂબ જ સકારાત્મક બાબત છે : કેપ્ટન

બર્મિંગહામ, તા. ૮

ભારતના કેપ્ટન શુભમન ગિલે બર્મિંગહામમાં ટેસ્ટ સિરીઝ બરાબર કરનારી શાનદાર જીતને યાદગાર ગણાવી છે. તેમણે કહ્યું કે જ્યારે પણ તેઓ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેશે, ત્યારે એજબેસ્ટનમાં ઈંગ્લેન્ડ સામે ભારતને પહેલી ટેસ્ટ જીત અપાવવી તેમની સૌથી પ્રિય યાદોમાંની એક હશે. ૨૫ વર્ષીય ગિલની કેપ્ટનશીપની શરૂઆત ભારતે લીડ્સમાં શ્રેણીની શરૂઆતી મેચ ગુમાવવાથી કરી હતી, પરંતુ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી અને બીજી મેચ ૩૩૬ રનના મોટા માર્જિનથી જીતી હતી. ટેસ્ટ ક્રિકેટમાં આ મેદાન પર ભારતની આ પહેલી જીત છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં ગિલે કહ્યું, આ એવી વસ્તુ છે જેને હું મારા બાકીના જીવનભર યાદ રાખીશ. મને લાગે છે કે જ્યારે પણ હું નિવૃત્તિ લઈશ, ત્યારે આ મારી સૌથી પ્રિય યાદોમાંની એક હશે. મારે આ મેચનો છેલ્લો કેચ પકડવો પડ્યો અને હું ખૂબ જ સંતુષ્ટ અને ખુશ છું કે અમે આ મેચ જીતી શક્યા. હજુ ત્રણ મહત્વપૂર્ણ મેચ બાકી છે. આ મેચ પછી ઝડપી પરિવર્તન આવશે અને મને લાગે છે કે તે સારું છે કારણ કે હવે લય અમારી સાથે છે. ગિલે ઉમેર્યું કે, બધા ખેલાડીઓએ પોતાની જવાબદારીઓ સારી રીતે નિભાવી હતી. જે રીતે બધાએ બોલ અને બેટથી યોગદાન આપ્યું તે ખૂબ જ સકારાત્મક બાબત છે. આ જ વસ્તુ ટીમને ચેમ્પિયન બનાવે છે અને આ આપણા માટે એક સારો સંકેત છે. ભારતીય કેપ્ટને ડ્રેસિંગ રૂમમાં પોતાના સંબોધનમાં પોતાના સાથી ખેલાડીઓની પ્રશંસા કરતા કહ્યું કે, અમે આ સ્થાન પ્રાપ્ત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. હું જાણું છું કે ટેસ્ટ મેચ જીતવી કેટલી મુશ્કેલ છે, ખાસ કરીને આ મેદાન પર જ્યાં અમે પહેલાં કોઈ ટેસ્ટ જીતી શક્યા નથી. હું ફક્ત એટલું જ કહેવા માંગુ છું કે મને આપણા બધા પર ગર્વ છે, કારણ કે મને લાગે છે કે પહેલા દિવસે આપણે કહ્યું હતું કે ટેસ્ટ મેચ જીતવા માટે આપણે બધાએ યોગદાન આપવું પડશે અને બધાએ તેમાં યોગદાન આપ્યું છે. ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે કુલદીપ યાદવ જેવા વિકેટ લેનારા સ્પિનરને પ્લેઈંગ ઈલેવનમાં રાખવું હંમેશા આકર્ષક હોય છે, પરંતુ લીડ્સમાં નીચલા ક્રમના ખેલાડી બે વાર સસ્તામાં આઉટ થયા પછી, બેટિંગમાં ઊંડાણ ઉમેરવા માટે ઈંગ્લેન્ડ સામે એજબેસ્ટન ટેસ્ટમાં વોશિંગ્ટન સુંદરને પસંદ કરવામાં આવ્યો હતો. વોશિંગ્ટનને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાનો વિવાદાસ્પદ નિર્ણય અસરકારક સાબિત થયો, કારણ કે ઓલરાઉન્ડરે બેટ અને બોલ બંનેમાં યોગદાન આપ્યું હતું. ભારત લોર્ડ્સ ટેસ્ટમાં સમાન રણનીતિ સાથે જશે. લોર્ડ્સ ખાતે ત્રીજી ટેસ્ટ ૧૦ જુલાઈથી શરૂ થશે.

### ૨૪ જુલાઈથી થશે પ્રારંભ

# અમરેલી જિલ્લામાં તાલુકા કક્ષાએ કલા મહાકુંભ સ્પર્ધાની તારીખો જાહેર

## જિલ્લાનાં ૧૧ તાલુકામાં સાંસ્કૃતિક રંગ જામશે

અમરેલી, તા. ૮

અમરેલી જિલ્લામાં કલા મહાકુંભ–૨૦૨૫ અંતર્ગત તાલુકા કક્ષાએ થનાર સ્પર્ધાઓની તારીખ અને સ્થળ જાહેર કરવામાં આવ્યાં છે.

કલા મહાકુંભ હેઠળ તાલુકા કક્ષાએ તા.૨૪/૭/૨૦૨૫ના રોજ ખાંભા સ્થિત જે.એન. મહેતા હાઈસ્કૂલ, તા.૨૬/૭/૨૦૨૫ના રોજ લીલીયા તાલુકાના ક્રાંકચ સ્થિત માધ્યમિક શાળા, લાઠી સ્થિત એન.એચ સંઘવી કન્યા વિદ્યાલય, બગસરા ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ અને જાફરાબાદ પારેખ મેહતા હાઈસ્કુલ ખાતે કલા મહાકુંભ અંતર્ગતની સ્પર્ધાઓ યોજાશે.

તા.૨૭/૭/૨૦૨૫ના રોજ અમરેલીમાં દીપક હાઈસ્કુલ, કુંકાવાવમાં તા.૧/૮/૨૦૨૫ના રોજ ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા, બાંભણિયા ખાતે, તા.૨/૮/૨૦૨૫ના રોજ બાબરા તાલુકાના વાંડળીયા સ્થિત જ્ઞાનજયોત વિદ્યાલય, ધારી સ્થિત જી. એન. દામાણી માધ્યમિક હાઈસ્કુલ અને રાજુલા સ્થિત ટી.જે. બી. એસ. ગર્લ્સ સ્કુલ ખાતે સ્પર્ધાઓ યોજાશે. અંતમાં તા.૩/૮/૨૦૨૫ના રોજ સાવરકુંડલા ખાતે કલા મહાકુંભ અંતર્ગતની સ્પર્ધાઓ યોજાશે.

આ તાલુકા કક્ષા સ્પર્ધાઓનો પ્રારંભ સવારે ૯ કલાકે થશે અને સ્પર્ધક કલાકારોએ સ્થળ પર સવારે ૮:૩૦ કલાકે રિપોર્ટિંગ કરવું.

તાલુકા કક્ષાના કલા મહાકુંભમાં લોકનૃત્ય, ગરબા, રાસ, નિબંધ, સુગમ સંગીત, તબલા, હાર્મોનિયમ (હળવું), ચિત્રકલા, વકૃત્વ, ભરતનાટયમ, સમુહ ગીત, લોકગીત/ભજન, લગ્ન ગીત અને એક પાત્રીય અભિનય સ્પર્ધાઓ યોજાશે.

તાલુકા ઉપરાંત જિલ્લા, ઝોન અને રાજયકક્ષાએ યોજાતા આ કલા મહાકુંભમાં ૪ વય જૂથના લોકો ૩૭ જેટલી સાંસ્કૃતિક કૃતિઓમાં ભાગ લઈ શકશે. આ માટે તા.૨૦ જુલાઈ સુધીમાં અરજી કરી શકાશે.

### આફ્રિકન કેપ્ટન ધારત તો લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડી શક્યો હોત

# મુલ્ડરનો આશ્ચર્યજનક નિર્ણય ૩૬૭★ પર ઇનિંગ્સ ડિક્લેર કરી

## મુલ્ડરે પહેલા જ દિવસે કેપ્ટનશીપ ડેબ્યૂમાં સૌથી વધુ સ્કોર બનાવીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું હતું

બુલાવાયો, તા. ૮

દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર વિઆન મુલ્ડરે બુલાવાયોમાં ઝિમ્બાબ્વે સામે ટેસ્ટ કેપ્ટન તરીકે ઈતિહાસનો સૌથી મોટો રેકોર્ડ બનાવવાથી પોતાનો દૂર રાખીને બધાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. એવું નથી કે મુલ્ડર પાસે તક નહોતી, તે ખૂબ જ લય સાથે ઝડપી બેટિંગ કરી રહ્યો હતો પરંતુ તે દરમિયાન લંચની જાહેરાત થઈ અને આફ્રિકન ડ્રેસિંગ રૂમમાંથી સમાચાર આવ્યા કે તેઓએ ઈનિંગ્સ ડિક્લેર કરી દીધી છે. તે સમયે મુલ્ડર પોતે ૩૬૭ રન પર રમી રહ્યા હતા. પરંતુ ત્યારે જ દાવ ડિક્લેર કરાતા બધાના મનમાં એક જ સવાલ થઈ રહ્યો છે કે, આખરે મુલ્ડર પાસે બ્રાયન લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડવાનો ચાન્સ હોવા છતાં આવો નિર્ણય કેમ કર્યો? બીજા દિવસે લંચ બ્રેક સુધી મુલ્ડર ૩૬૭ રન પર અણનમ હતો. દુનિયાભરના ક્રિકેટ પ્રેમીઓ લંચ બ્રેક પછી લારાના રેકોર્ડ તૂટવાની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ એવા સમાચાર આવ્યા કે, રેકોર્ડની રાહ જોઈ રહેલા ક્રિકેટ ચાહકોના દિલ તૂટી ગયા હતા. જો મુલ્ડરે ૪૦૦ રનનો આંકડો પાર કર્યો હોત, તો તે કેપ્ટન તરીકે બ્રાયન લારાનો ટેસ્ટ ઈનિંગમાં ૪૦૦ રનનો વિશ્વ રેકોર્ડ તોડી શક્યો હોત. પરંતુ કેપ્ટન મુલ્ડરે ૩૬૭ રનની અણનમ ઈનિંગ રમી અને લારાનો ૪૦૦ રનનો રેકોર્ડ તોડતા પહેલા ૩૪ રનમાં ઈનિંગ ડિકલેર કરવાનો નિર્ણય લીધો હતો. દક્ષિણ આફ્રિકાએ કુલ ૬૨૬/૫ પર ઈનિંગ્સ ડિક્લેર કરી હતી. લારાએ ૨૦૦૪માં એન્ટિગુઆમાં ઈંગ્લેન્ડ સામે આ રેકોર્ડ બનાવ્યો હતો, જે હજુ પણ અતૂટ છે, પરંતુ મુલ્ડરે ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ વ્યક્તિગત ટેસ્ટ સ્કોર બનાવીને પોતાની બોલ્ડ બેટિંગથી બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. મુલ્ડરે વિદેશી ટેસ્ટ મેચોમાં સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવ્યો જે કદાચ વર્ષો સુધી યાદ રહેશે. મુલ્ડરે પહેલા જ દિવસે કેપ્ટનશીપ ડેબ્યૂમાં સૌથી વધુ સ્કોર બનાવીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.

### લાઈફ સ્કીલ અને બાળ મેળાની ઉજવણીમાં

# જાફરાબાદના લાપાળીયા ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની કલા ખિલી

## ધો.૬ થી ૮ ના બાળકોએ વિવિધ કલા પ્રદર્શિત કરી



જાફરાબાદ, તા. ૮

આજરોજ શ્રી વાપાળીયા પ્રાથમિક શાળામાં લાઈફ સ્કિલ અને બાળ મેળાની સુંદર રીતે ઉજવણી કરવામાં આવી. શાળાના બાલવાટિકાથી ધોરણ ૫ સુધીના બુલકાએ બાળ મેળામાં વિવિધ પ્રવૃતિઓ કરીને શાળાના પરિસરને જીવંત કર્યુ હતું. બાળકો, ચિત્ર સ્પર્ધા, છાપ કામ, રંગ પૂરણી, માટી કામ, કાગળમાંથી વિવિધ આકૃતિઓ, ગણિતના સાદા પ્રયોગો, વેસ્ટમાંથી બેસ્ટ જેવી અનેક પ્રવૃતિઓમાં ભાગ લીધો હતો. તેમજ ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીના જીવનમા વિવિધ કૌશલ્ય કેળવે જેમ કે પંચર કરતા શીખવું, કુંકર ખોલતા બંધ કરતા શીખવું, સ્કુ ડાયવરથી વિવિધ ઈલેકટ્રીક સાધનો ખોલવા, વેશભૂશા, વિજ્ઞાનના વિવિધ મોડલ તૈયાર કરવા, ફાયર સેફટીની પ્રાથમિક માહિતી આપવી, ફ્રુટ સલાટ ડેકોરેશન, મહેંદી સ્પર્ધા, ફૂલોની રંગોળી, પર્ણપોથી જેવી અનેક પ્રવૃતિઓ ખુશી ખુશી ભાગ લઈ એને શાળા પરિસરમાં ત્યોહાર જેવો માહોલ ઉભો કરાયો હતો.

### રાજય સરકાર દ્વારા પસંદગી કરવામાં આવી

# અમરેલી જિલ્લાની બાળ કલ્યાણ સમિતિનાં ચેરમેનપદે જીગીષુકુમાર મહેતાની નિમણુંક

## બાળકોની કાળજી અને રક્ષણની કામગીરી થતી હોય છે



અમરેલી, તા. ૮

તાજેતરમાં રાજય સરકારે રાજયનાં તમામ જિલ્લાઓમાં બાળ કલ્યાણ સમિતિની રચના કરી છે. જેમાં અમરેલી જિલ્લાની બાળ કલ્યાણ સમિતિનાં અધ્યક્ષ તરીકે એડવોકેટ જીગીષુકુમાર મહેતાને જવાબદારી સોંપવામાં આવી છે. અમરેલીમાં એડવોકેટને મહત્ત્વની જવાબદારી મળતા તેઓએ જિલ્લાનાં બાળકોની કાળજી અને રક્ષણની કામગીરીને લઈને વિવિધ કામગીરી કરવાની હોય છે.

## શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનાં તાયફાને બદલે શિક્ષકોનો ભરતી ઉત્સવ કરવાની જરૂર

# લ્યો બોલો : ખોડિયાણા ગામે ૧૨૫ વિદ્યાર્થીઓ વચ્ચે ૧ શિક્ષક

**ખાંભા બાદ સાવરકુંડલાનાં ખોડિયાણા ગામે પણ ધો. ૧ થી ૮ વચ્ચે માત્ર ૧ જ શિક્ષકની હાજરી**

**ભણે ગુજરાત જેવા સુત્રોથી ભણતર ન મળે શિક્ષક હોય તો શિક્ષણ મળે તે કોઈને ખબર નથી લાગતી**

**શિક્ષકોનાં અભાવે રોષે ભરાયેલ વાલીઓએ શાળાને તાળાબંધી કરી વિરોધ વ્યકત કર્યો**

**શિક્ષણ જેવા મહત્વનાં ક્ષેત્રમાં પણ અંધાધુંધી હોય મામલો અતિ ગંભીર**








અમરેલી, તા. ૮

સમગ્ર રાજયમાં શિક્ષકો વગર નાના બાળકોનું શિક્ષણ અને ભવિષ્ય બગડી રહયું છે. ત્યારે કહેવાતી સંવેદનશીલ સરકાર ખરેખર નીંભર સરકાર સાબિત થઈ રહી છે. રાજય સરકારને સરકારી સ્કુલમાં શિક્ષકોની નિમણુંક કરવામાં કોઈ રસ ના હોય, ત્યારે શિક્ષક બનવા માંગતા ઉમેદવારોને ગાંધીનગરમાં દોડાવી દોડાવી માર મારનાર સરકારના મુખ્યમંત્રીએ ગત ડિસેમ્બર સુધીમાં રાજયની તમામ સરકારી સ્કુલમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા પુરી કરી દેવામાં આવશે. તેવી જાહેરાત કર્યા પછી પણ આજે સાત મહિનાની ઉપર સમય વીતી જવા છતાં પણ સરકારી સ્કુલમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયા પુરી કરી શકયા નથી. ત્યારે સાવરકુંડલા તાલુકાના ખોડિયાણા ગામે ઘણા સમયથી માત્ર એક શિક્ષક પર ચાલતી પ્રાથમિક શાળાને તાળાબંધી કરવામાં આવી હતી.

આ બનાવમાં સાવરકુંડલા

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા

## રાજુલાનાં ચાંચબંદર ખાતેથી વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે કરાયો

**એક મહિલા સહિત ૨ વ્યકિત સામે કાર્યવાહી**



અમરેલી, તા. ૮

રાજુલા તાલુકાના ચાંચબંદર વિસ્તારમાં રહેતા ગોબરભાઈ વીજાભાઈ શિયાળ તથા પાનુબેન મનસુખભાઈ ગુજરીયા નામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂ એક બીજાએ સાથે મળી પોતાના કબ્જા ભોગવટાવાળી ચાંચ બંદરની જગ્યામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થાનું વેંચાણ કરતાં હોવાની બાતમી સ્ટેટ મોનિટરીંગ સેલને મળતાં ગઈકાલ તા. ૭ના રોજ બપોરના ૧૨:૩૦ વાગ્યે દરોડો પાડી નાની મોટી બોટલ તથા બીયરના ટીન કુલ નંગ–૪૮૮ કિંમત રૂપિયા ૧,૮૭,૬૧૫ તથા દેશી દારૂ ૧૮૦ લીટર મળી કુલ કિંમત રૂપિયા ૩૬,૦૦૦ તથા દેશી દારૂ બનાવવાનો આથો લીટર–૧૮૦૦ કિંમત રૂપિયા ૪૫,૦૦૦ તથા દેશી દારૂ ગાળવાના લોખંડના પીપ નંગ–૩ કિંમત રૂપિયા ૬૦૦ તથા દેશી દારૂ બનાવવાનો ખાધ ગોળ ૩૭૫ કિલો ગ્રામ કિંમત રૂપિયા ૩૭૫૦ તથા દેશી દારૂ બનાવવા માટે ઉપયોગમાં લેવાતો ઈસ્ટ ૧૦ કિલો જેની કિંમત રૂપિયા ૨૨૦ મળી કુલ કિંમત રૂપિયા ૨,૭૩,૧૮૫નો મુદ્દામાલ રાખી તથા દેશી દારૂની ભટ્ટી ચલાવી વેચાણ કરી કરાવતા હોય સ્ટેટ મોનિટરીંગ સેલને બાતમી મળતા રંગેહાથ ઝડપી લીધા હતાં.

### શહેરમાં ઠેકઠેકાણે ગંદકીના ગંજ જોવા મળતા નારાજગી

## દામનગરમાં પાલિકાનાં શાસકો દ્વારા સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવામાં ઉદાસીનતા

**પ્રાદેશિક કમિશનરે આકસ્મિક ચકાસણી કરવી જરૂરી બની**






તસ્વીર : નટુભાઈ ભાતિયા–દામનગર

દામનગર, તા. ૮

દામનગર નગરપાલિકાનું સ્વચ્છતા અભિયાન જુના કાયમી સફાઈ કામદાર સંખ્યા–૦૨ નવા ભરતી થયેલ ૦૭ કુલ મળી ૦૯ શહેરનાં ૪૫ જેટલા રહેણાંક વિસ્તારો મુખ્ય બજારો અલગ દર વર્ષે દરમ્યાન માત્ર સફાઈ સેવા પાછળ અડધા કરોડ જેવી રકમ રોજમદારો રાખીને સફાઈ અભિયાન ચલાવાય છે. કયાં વિસ્તાર કયા દિવસે વારો આવતો હશે ? એ પાલિકા તંત્ર વાહકોએ કોઈ જાહેર સ્પષ્ટતા નથી કરી અનેક વિસ્તારોમાં મહિનાઓ સુધી સફાઈ સેવા જોવા મળતી નથી અને બીજી બાજુ પાલિકાના સત્તાધીશો સત્તાનો ખુલ્લે આમ દુર ઉપયોગ કરી રહયા છે. અમુક પાલિકાના ચુંટાયેલા સભ્યો સતત પોતાની શેરી બજારોમાં સફાઈ કામદારોને રોકી રાખી વિશેષ અધિકાર ભોગવી રહયા છે. આવો વિશેષ અધિકાર બંધારણથી કોઈ પણને

અનુસંધાન પાના ૬ ઉપર










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)